વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન – વિશ્વ ઉમિયાધામ ₹ ૫૦-૦૦

# ઉમાસૃષ્ટિ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | ૦૧ જાન્યુઆરી, ૨૦૨૩ એક વૈશ્વિક વિચારધારા

Vishv UMIYA Foundation

તંત્રી–ડૉ. પ્રભુદાસ પટેલ



|| पूर्वसंवत्सरस्यैवं वियोगं वीक्ष्य पाठकाः ||
|| नवसंवत्सरस्यास्य सर्वेभ्यः शुभकामनाः ||

૨૦૨૨ને વિદાય આપી, ૨૦૨૩ને આવકારી (વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન) બધા જ વાચકોને શુભકામના પાઠવે છે.

## નવી દિશા... નવા વિચાર...













# સહકારથી સમગ્ર સમાજની સેવા

- નાગરીકો માટે જૂથ અકસ્માત વિમા યોજનાનો પુનઃ પ્રારંભ...
- પાક સહાય યોજનાનો અમલ...
- ટપક સિંચાઈ યોજનામાં આર્થિક યોગદાન...
- વાયર ફેન્સીંગ યોજનામાં ૪૦% સુધીની આર્થિક સહાય...
- ખેતીકામમાં ઉપયોગી તાલપત્રીઓનું રાહત દરે વિતરણ...
- જમીન ચકાસણી લેબ તથા સ્પાઈસીસ લેબની નજીવા દરે ટેસ્ટીંગની સુવિધા...
- એ.સી. ભોજનાલયમાં શુધ્ધ અને સાત્વિક ભોજનની ઉત્તમ વ્યવસ્થા...
- માત્ર રૂા. ૧૦/- માં સારી ક્વોલીટીના ચા-નાસ્તાની સુવિધા...
- માર્કેટયાર્ડમાં ગરમીની સિઝનમાં ફ્રી છાસનું વિતરણ...
- જાહેર સ્થળોએ ઠંડા મીનરલ પાણીની સુવિધા...
- એમ્બ્યુલન્સ તથા ફાયરફાઈટરની ૨૪ કલાક સુવિધા...
- બ્રાહ્મણવાડા મુકામે ૩૦ એકર જમીનમાં અદ્યતન સુવિધાઓવાળા માર્કેટયાર્ડનો શુભારંભ...
- ઊંઝા તાલુકા તથા બજાર વિસ્તારના કુપોષિત બાળકોને દત્તક લઈ માનવતાનું કાર્ય

## જય સહકાર... જય કિસાન...

| | | |
|---|---|---|
| વિષ્ણુભાઈ પટેલ | અરવિંદભાઈ પટેલ | દિનેશભાઈ પટેલ |
| સેક્રેટરી | વા. ચેરમેન | ચેરમેન |

તથા ડીરેક્ટર ગણ

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ઊંઝા

APMC UNJHA Since 1954 AGRICULTURAL PRODUCE MARKET COMMITTEE



Mayflower
WOMEN'S HOSPITAL

# The Cradle **of Care**

ENDOMETRIOSIS CLINIC

INFERTILITY AND ART CLINIC

OBSTETRICS/GYNECOLOGY

FETAL MEDICINE

GI SURGERY

COSMETOLOGY AND GYNEC-COSMETOLOGY

ANESTHESIA

RADIOLOGY

PEDIATRICS & NEONATAL CARE



**DR. SANJAY PATEL**

M.D. Diploma Endoscopy (Germany)
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. SMEET PATEL**

MBBS, MS. OBGYN
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. JAYA PATEL**

MBBS, DGO
Consultant Obstetrician
& Gynaecologist



**DR. RAVINA PATEL**

MBBS, DGO
Consultant Obstetrician
& Gynaecologist

+91-9898036701 hello@mayflowerhospital.com +91-79-27495001/02/03

"Mayflower House", Opp. - Police Helmet, Near Manav Mandir Temple, Drive-In Road, Ring Road Junction, Memnagar, Ahmedabad - 380052, Gujarat, India


Special NRI Season Offer
1st Dec. 2022 to 15th Jan. 2023
CELEBRATING 40 YEARS
GAJANAND®
RETAIL
દેશની યાદગીરી,
ગજાનંદ મસાલા વગર અધૂરી
ફ્રી Silver Coin
₹2501/- ની ખરીદી ઉપર
10 ગ્રામ ચાંદીનો સિક્કો
₹4501/- ની ખરીદી ઉપર
20 ગ્રામ ચાંદીનો સિક્કો
GAJANAND
Tejalal
Extra Hot
मिर्च
पाउडर
Resham laal
Gapata Sapata
CORIANDER-CUMIN POWDER
Kumthilal
Kashmiri Chilli Powder
Mild & Extra Red
25% Extra
KHAMAN
HING
गजानंद
अचार
मसाला
Curcuveda
100+ પ્રોડક્ટ રેન્જ
• કુમઠીલાલ કાશ્મીરી મરચું
• રેશમલાલ મરચું (રેશમપટ્ટી + કાશ્મીરી)
• પ્રીમિયમ મરચું
• તેજાલાલ મરચું (એક્સ્ટ્રા હોટ)
• કર્ક્યૂવેદા હળદર (સેલમ + વાયગોંવ)
• પ્રીમિયમ હળદર પાવડર
• પ્રીમિયમ ધાણાજીરું પાવડર
• પ્રીમિયમ ધાણા પાવડર
• સોર્ટેક્સ ક્લીન આખા મસાલા
• તેજાના
• આચાર મસાલા
• કાબુલી સ્ટ્રોંગ હીંગ
• ગપાટા સપાટા (રેડી ટુ ફ્રાય રેન્જ)
• ઇન્સ્ટન્ટ મિક્સ
• આસામની પ્રીમિયમ ચા
• ફરાળી પ્રોડક્ટ્સ
• મુખવાસ
• નેચરલ સીડ્સ
• પ્રીમિયમ બ્લેન્ડેડ મસાલા
• પ્રીમિયમ ડ્રાય ફ્રુટ્સ
• કેમિકલ વગરનો નેચરલ દેશી ગોળ અને બીજુ ઘણું...
એક્સક્લુઝિવ બ્રાન્ડ સ્ટોર્સ
રન્નાપાર્ક, ઘાટલોડીયા : 63525 48504
મણિનગર : 99780 01025
જોધપુર-સેટેલાઇટ : 93136 68230
ન્યુ રાણીપ : 99989 63657
ગોતા : 88493 59397
સાંતેજ : 99255 91111
આ ઓફર ગજાનંદ "મસાલા એન્ડ મોર" બ્રાન્ડ સ્ટોર પર જ ઉપલબ્ધ

# ઉમાસૃષ્ટિ

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ — એક વૈશ્વિક વિચારધારા

**જાન્યુઆરી ૧, ૨૦૨૩**

**વર્ષ:** ૦૧ **અંક:** ૦૧ સળંગ **અંક:** ૦૧

**માલિક:** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન





**પ્રમુખ :** આર. પી. પટેલ





**મેનેજિંગ એડિટર:** ડો. પ્રભુદાસ પટેલ

**પરામર્શકશ્રી**







પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ

**સંપાદક મંડળ:**

ડો. હર્ષદ પટેલ — ડો. અશોક પટેલ

ડો. ઉત્પલ પટેલ — ડો. રૂપલ પટેલ

**સહસંપાદક:** ધવલ માંકડિયા

**કલાનિર્દેશક:** રેખા ચાવડા

**ફોટોગ્રાફી:** હાર્દિક પંચોલી

**વાચક દાતા-સહયોગ**

દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦

પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦

વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર

પાંચ વર્ષ : ૩૦૦ ડોલર



**ઈ-મેઇલ:** editorumasrushti@gmail.com

**રજિ. ઓફિસ:**

'વિશ્વ ઉમિયાધામ', વૈષ્ણોદેવી મંદિર સામે, એસજી હાઈવે, જાસપુર રોડ, અમદાવાદ-૩૮૨૭૨૧.

www.vishvumiyafoundation.org

E-mail: info@vishvumiyafoundation.org

www.facebook.com/VishvUmiyaFoundation

Phone: +91 72020 80333 / 222



**મુદ્રક અને પ્રકાશક :**

ડો. પ્રભુદાસ પટેલે કેવલ ઓફસેટ, ૧૧ રવિ એસ્ટેટ, દૂધેશ્વર પાણીની ટાંકી પાસે, શાહીબાગ, અમદાવાદ ખાતે છપાવી અને વિશ્વ ઉમિયાધામ - અમદાવાદ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.



નોંધ : સામયિકમાં સમાવિષ્ટ લેખો જે તે લેખકના પોતાના વિચારો છે. તેમાં તંત્રી સહમત છે એમ માનવું નહીં.


# અનુક્રમ



**બહુરત્ના વસુંધરા-૨૬**

## આધ્યાત્મિક ચેતના - સમાજ વિકાસનો આધારસ્તંભ. મંદિર દ્વારા માનવ ઉત્કર્ષ

વિશ્વમાં જગતજનની શ્રી ઉમિયા માતાજીના સૌથી ઊંચા (૫૦૪ ફૂટ) મંદિર નિર્માણના સ્વપ્નદ્રષ્ટા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી આર. પી. પટેલનું માનવજીવનના ઉત્કર્ષમાં મંદિરના માધ્યમના મહત્ત્વ વિષેનું ચિંતન


૧૨ અબ સૌંપ દિયા

૧૩ વેદોનો દિવ્ય સંદેશ

૧૪ શ્રી રામચરિત માનસ કથાસાર

૧૫ શૂન્ય બનીને પૂર્ણ પામીએ

૧૮ માતૃભાષામાં શિક્ષણની ખૂલતી દિશાઓ






૨૦ જીવન એક એવો જુગાર છે, જે દરેકે રમવો જ પડે છે

૨૧ શિક્ષણનો વ્યવસાય એક પવિત્ર વ્યવસાય છે

૨૨ રોગ થાય જ નહીં તે માટે શું કરવું?

૨૪ ભગ્ન લગ્નજીવનથી સુજ્ઞ લગ્નજીવનની સફર





૨૯ 'સેવા'ની મિસાલ અને નખશિખ ગાંધીવાદી ઇલાબહેનને નેલ્સન મંડેલાએ વૈશ્વિક નેતા તરીકે પોંખ્યાં હતાં

૩૧ ઈશ્વરભાઈ પટેલે સમાજના છેવાડાના માનવીના ઉત્કર્ષ માટે કામ કર્યું

૩૩ કદર

૩૪ ઘર એ જ સ્વર્ગ





૩૭ બાલ સૃષ્ટિ

૩૮ દાતાશ્રેષ્ઠી

૪૦ પ્રવૃત્તિઓ

૪૪ સમાચાર

૪૮ પ્રતિભાવ

## તંત્રીલેખ



- ડો. પ્રભુદાસ પટેલ




# ધરતીની વેદનાનો પોકાર

આ બ્રહ્માંડમાં જ્યારે કશું નહોતું ત્યારે ધરતી (પૃથ્વી) હતી અને **જ્યારે કશું નહીં હોય ત્યારે ધરતી જ રહેશે.**

જગતનિયંતાએ વચન આપેલું છે કે આ બ્રહ્માંડમાં ધરતી એ મારી મૂડી છે. તેની રક્ષા જે કોઈ કરશે, તેની રક્ષા તે કરશે. તેથી ધરતીને રૂપાળી રાખવા, તેની માવજત કરવી, ખેતી કરવી, અન્ન પેદા કરવું, તેની ઉપર અન્નક્ષેત્રો, હૉસ્પિટલો, મંદિરો બાંધવા. ટૂંકમાં, **માનવજાત માટે કશું પણ કલ્યાણનું કામ કરવા મેં આ ધરતી માનવજાતને અર્પણ કરી છે.**

તેમ છતાં ધરતીનો પોકાર છે કે 'માનવ તેને ન શોભે તેવાં કાર્યો મારી છાતી ઉપર કરી રહ્યો છે. યુદ્ધો અને નરસંહાર, અધર્મ, સજ્જનોને ત્રાસ, ગંદકી વગેરે...' મેં માનવને સમજણ આપવા કંસ અને કૃષ્ણ મોકલ્યા, રામ અને રાવણને મોકલ્યા, શબરી અને સૂર્પણખાને મોકલ્યાં, **અરે, ગાંધી અને ગોડસેને પણ મેં જ અવતારો કરાવ્યા... તો પણ માનવી બોધપાઠ લેવા તૈયાર નથી.**

...અને આ બધું સહન કરવાનું મારા માટે મુશ્કેલ બને ત્યારે ક્યારેક અતિવૃષ્ટિ, ક્યારેક અનાવૃષ્ટિ, ક્યારેક ધરતીકંપ, જ્વાળામુખી, ક્યારેક મહામારી લાવીને માનવીને ચેતવવા પ્રયત્ન કરું છું. જેણે મને સમજવા પ્રયત્ન કર્યો તેનો ઇતિહાસ લખાયો... **અને જે ગુમાનમાં રહ્યા તેના જન્મ કે મરણની કોઈએ નોંધ પણ ના લીધી.**

ખેર! મારી માવજત કરનારાઓમાં મને જો કોઈ સૌથી પ્રિય હોય તો તે છે મારો ખેડૂત. યાદ રહે! ખેડૂત એટલે ફક્ત પાટીદારો જ નહીં, બધા પાટીદારો ખેડૂત છે પણ બધા ખેડૂત પાટીદારો નથી. આ ખેડૂતો એટલે જમીનદારો નહીં, સીમાંત અને શ્રમજીવી ખેડૂતોની વાત છે. **જેઓ ખેતરના માંચડે રાતવાસો કરે છે અને બપોરનું ભાત લીંબડા કે ખીજડાના છાંયે લે છે.**

હે જગતના માલેતુજારો! મારા એક જ અંશમાંથી તમારો પિંડ બંધાયો અને અંતે એ જ પિંડ મારામાં વિલીન થવાનો છે. મેં જ તમને અધિક ધનવાન બનવાનું નિમિત્ત બનાવ્યા છે એટલા માટે કે તમે મારી માવજત કરનારા પ્રત્યે ઉદારભાવ રાખી મદદરૂપ થાઓ. **એ પણ એક પ્રકારની મા ઉમિયાની ભક્તિ જ છે.**

હું પોકાર કરીને કહું છું, તે તમામ ખેતપુત્રો પહેલાં મારા અમૃતપુત્રો છે. તેમને નોંધારા ન થવા દો. તેમના માટે યોજનાઓ બનાવો. સરકાર પણ બેહાલ બનેલા ખેડૂતોની અન્ય ગરીબો સાથે તુલના ના કરે. (આ લખનાર એ બાબતની નોંધ લે છે કે કેન્દ્ર સરકારે સીમાંત ખેડૂતોના ખાતામાં સીધી સહાય જમા કરાવી છે, તેની સરાહના કરે છે.) **ચાલો! ગરીબ સીમાંત ખેડૂતોના ઘરમાં તેલના અભાવે દીવો બુઝાય એ પહેલાં તેમાં તેલ પૂરીએ...**

**માણિક્યમ્**


દુ:ખી કે દર્દી કે કોઈ ભૂલેલા માર્ગવાળાને
સહારો આપવા ઘરની ઉઘાડી રાખજો બારી
ગરીબની દાદ સાંભળવા, અવરનાં દુ:ખને જોવા
તમારા કર્ણ-નેત્રોની ઉઘાડી રાખજો બારી.

- બાલાશંકર

તંત્રી

કર્યા વગર કંઈ મળતું નથી,
કરેલું ફોગટ જતું નથી.
કામ કરવાની શક્તિ તમારામાં છે.
કામ કરતો જા,
હાક મારતો જા,
મદદ તૈયાર છે,
મફતનું લઈશ નહીં,
નિરાશ થઈ નહીં,
લઘુતાગ્રંથિ બાંધીશ નહીં
વિશ્વાસ ગુમાવીશ નહીં.
**- પાંડુરંગ આઠવલે**

# હવે ગુજરાતમાં દાદાની સરકાર



**ક. પા.નું સન્માન અને સમગ્ર ગુજરાતનું ગૌરવ, મૃદુ પણ મક્કમ**

**માનનીય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

**બીજી વાર ગુજરાતના નાથ બન્યા.**

**આયુષ્યમાન ભવ...**



# વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણ કેન્દ્ર

## ૧૦૦ વીઘા જમીન એક હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ

## "આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ"



- સ્કીલ યુનિવર્સિટી
- છાત્રાલય
- સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- અદ્યતન હોસ્પિટલ
- ઉમાસૃષ્ટિ
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- ઉમાછત્ર
- સમાધાન પંચ
- કાનૂની માર્ગદર્શન
- ઉમા લગ્ન સંસ્કાર
- મેડિકલ સહાય
- નિ:શુલ્ક શિક્ષણ સહાય
- ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ

## વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થનાર - મંદિરની વિશેષતા - સુવિધાઓ

★ જગતજનની શ્રી ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું અને ૫૦૪ ફૂટ ઊંચુ મંદિર

★ જગત જનની મા ઉમિયાનું આસન જમીનથી ૫૧ ફૂટ ઊંચુ રહેશે.

★ દેવોના દેવ મહાદેવનું પારાનું વિશાળ શિવલિંગ, ગણપતિ દાદા તથા કાળભૈરવ મંદિરનું નિર્માણ.

★ અત્યાધુનિક ટેકિનકલ પદ્ધતિથી મંદિરનું બાંધકામ તથા ધજા બદલવા માટે હાઈડ્રો મિકેનીકલ સિસ્ટમ.

★ ૩૦૦ ફૂટની ઊંચાઈ પર વ્યૂ ગેલેરી કે જ્યાંથી આજુબાજુના સમગ્ર વિસ્તારને નિહાળી શકાશે.

★ જગતજનની મા ઉમિયાના દર્શન માટે એસ્કેલેટર તથા વ્યૂ ગેલેરી સુધી લીફ્ટની વ્યવસ્થા.

★ મંદિરના મુખ્ય ખંડમાં એક સાથે પાંચ હજાર ભક્તો મા ઉમિયાના દર્શન કરી શકે તેવી સુવિધા.

★ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે કરતાં વધુ વાતાનુકૂલીન સત્સંગ હોલનું નિર્માણ.

★ વિકલાંગ અને વૃદ્ધોને મા ઉમિયાના મંદિર ગર્ભગૃહ સુધી જવા માટે ટ્રાવેલેટર / એસ્કેલેટરની સુવિધા.

★ યાત્રીઓ તથા દર્શનાર્થીઓ માટે રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા તેમજ શોપિંગ માટે હાઈપર માર્કેટની વ્યવસ્થા.

★ વિશ્વમાં પ્રથમ વાર સ્પેશિયલ લાઈટિંગ ઈફેક્ટ દ્વારા આઠમ, પૂનમ, અગિયારસ અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે અલગ-અલગ પ્રકારની રોશનીથી મંદિર ઝળહળતું થશે જેથી અમદાવાદના રહીશોને જે તે તિથિની જાણકારી મળશે.

★ સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર અને હિન્દુધર્મ મુજબ ગર્ભગૃહનું બાંધકામ.

★ સોનાના કળશથી મંદિરની ભવ્યતાનું નિર્માણ.

★ અદ્યતન ભોજનાલય તથા પ્લાસ્ટિક ઝોન ફ્રી પરિસર.

★ પાટીદાર ઇતિહાસનું ભવ્ય મ્યૂઝિયમ.

★ મંદિર પરિસરમાં વિશાળ બેઝમેન્ટ પાર્કિંગ.

★ મંદિર પરિસરની આજુબાજુ જળાશયનું આયોજન.

★ સંપૂર્ણ ગ્રીન અને એનર્જી એફિસિયન્ટ મંદિર પરિસર.

★ બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા.

## મા ઉમિયાના ભવ્યાતિભવ્ય મંદિર નિર્માણમાં સહભાગી થવા યથાશક્તિ દાન આપી મા ઉમિયાના કૃપાપાત્ર બનીએ




**આજીવન દાતા** રૂા. ૧૧ લાખ

**શુભેચ્છક દાતા** રૂા. ૫ લાખ

**ભૂમિદાન હૂંડી**

| રૂા. ૧,૧૧,૦૦૦/- (દસ ચો.વાર) | રૂા. ૫૫,૦૦૦/- (પાંચ ચો.વાર) | રૂા. ૧૧,૦૦૦/- (એક ચો.વાર) |
|---|---|---|

**શિલાદાન હૂંડી - રૂા. ૫,૦૦૦/- | ઈંટ દાન - રૂા. ૧,૦૦૦/-**

### દાન આપવા માટેની વિગત :

**વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન :**
**બેંક A/c : ધી મહેસાણા અર્બન કો.ઓ.બેક લિ., સાયન્સ સીટી શાખા, અમદાવાદ**
Bank A/c. No. 00441001001446 – IFSC Code - MSNU0000044.

**UPI ID થી**
Direct Payment
Vishv Umiya Foundation

### ઉમા લગ્ન સંસ્કાર યોજના

શ્રી ઉમિયા માતાજી મંદિર નિર્માણમાં ફક્ત રૂા. ૫૧ હજારનું યોગદાન શાસ્ત્રોક્ત વિધિથી લગ્ન

### પાર્ટી પ્લોટની સુવિધાઓ

લગ્ન, રીસેપ્શન, સંગીત સંધ્યા, રાસ-ગરબા, મહેંદી, રીંગ સેરેમની, વરપક્ષ - કન્યાપક્ષ રૂમ, બર્થડે સેલીબ્રેશન, જનોઈ, મેરેજ એનિવર્સરી, રજત જયંતિ, સુવર્ણ જયંતિ કે અમૃત મહોત્સવ તથા અન્ય પ્રસંગો માટે.

### ઉમા પ્રસાદમ્ - ભોજન

જગતજનની મા ઉમિયાના દર્શનાર્થે આવેલ ભાવિક ભક્તો માટે ઉમા પ્રસાદમ્ યોજનાનો શુભારંભ કરી દીધેલ છે. ધર્મ શાસ્ત્રોમાં અન્નદાનનો મહિમા ઘણો ઊંચો છે, આનો શ્રેય, દુઆ અને મા ઉમિયાની કૃપા ભોજન દાતાશ્રીઓને આશિર્વાદ થકી મળશે. ઉમા પ્રસાદમ્ યોજનામાં દાન આવકાર્ય છે.

### ઉમાસૃષ્ટિ માસિક વાચક દાતાના સભ્ય માટેનું યોગદાન

વિશ્વ ઉમિયાધામના માસિક મુખપત્ર - ઉમાસૃષ્ટિમાં સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી દરેક પરિવારને મળતી રહે તેવો અભિગમ સાથે શરૂ કરેલ છે. જેમાં આપશ્રી પણ ઉમાસૃષ્ટિના વાચક દાતા બનો તેવી અમારી લાગણી છે.

ઉમાસૃષ્ટિ વાચક દાતા સહયોગ રાશિ : ૫ વર્ષ - રૂા. ૨૦૦૦/- | ૧૦ વર્ષ - રૂા. ૩૫૦૦/-

### વિશ્વઉમિયાધામ - ઉપવન - વૃક્ષારોપણ

સરકારશ્રીના સહયોગથી વિશ્વઉમિયાધામની બાજુમાં આવેલ આશરે ૧૦૦ વીઘા જમીનમાં સંસ્થાએ ૧,૫૦,૦૦૦ વૃક્ષારોપણ તેના ઉછેરની સંપૂર્ણ જવાબદારી સાથે વિશ્વઉમિયાધામ ઉપવનનો શુભારંભ કરેલ છે.

જ્યાં દર માસે એક દિવસ શ્રમદાનથી અથવા રૂા. ૫૦૦/- ના વૃક્ષ દાતા બનીને પર્યાવરણ અભિયાનમાં સહયોગી થવા અપીલ છે.




Ankur Oil Industries, 'Corporate Office' Ratnaakar Nine Square, Block-B, Shop no. 1-6, Opp. ITC Narmada, Vastrapur road, Ahmedabad-380015

Business Inquiry No.: **+91 82382 38250**

Follow us on:

marshmallow

उन्नति
सबमर्सिबल पम्प

Unnati
Since 1969
SUBMERSIBLE PUMP

*"Together we can do it*
*Together we have always done it"*



ENERGY IS LIFE
BEE
CONSERVE IT
BEE/ /

ISO 9001
BUREAU VERITAS
Certification

MORE STARS MORE SAVINGS

CE

IS : 8034

**Unnati Pumps Private Limited**

81, Amarnath Industrial Estate, Opp. Shayona Estate, Naroda Road, Ahmedabad - 380025. Gujarat, INDIA. Phone : 079-22203434 / 0128

Email : sales@unnatipumps.com Website: www.unnatipumps.com



**સ્વામી સત્યમિત્રાનંદગિરીજી**
લેખક - આધ્યાત્મિક જગતના દેદિપ્યમાન સૂર્યસમાન, ભારત માતાના પરમ આરાધક, દેશભક્ત સન્યાસી અને પૂર્વ શંકરાચાર્ય



# અબ સૌંપ દિયા

અબ સૌંપ દિયા ઈસ જીવન કા, સબ ભાર તુમ્હારે હાથોં મેં,
હૈ જીત તુમ્હારે હાથોં મેં ઔર હાર તુમ્હારે હાથોં મેં.

મેરા નિશ્ચય બસ એક યહી, એક બાર તુમ્હેં પા જાઉં મૈં,
અર્પણ કર દૂં દુનિયા ભર કા, સબ ભાર તુમ્હારે હાથોં મેં.

જો જગમેં રહૂં તો ઐસે રહૂં, જ્યોં જલમેં કમલ કા ફૂલ રહે,
મેરે સબ ગુણદોષ સમર્પિત હો, કરતાર (ભગવાન) તુમ્હારે હાથોં મેં.

યદિ માનવ કા મુઝે જન્મ મિલે, તો તવ ચરણોં કા પૂજારી બનું,
ઈસ પૂજક કી એક એક રગ કા, હો તાર તુમ્હારે હાથોંમેં.

જબ જબ સંસાર કા કૈદી બનું, નિષ્કામ ભાવસે કર્મ કરું,
ફિર અંત સમય મેં પ્રાણ તજું, નિરાકાર (સાકાર) તુમ્હારે હાથોં મેં.

મુઝમેં - તુઝમેં ભેદ યહી, મૈં નર હૂં, તુમ નારાયણ હો,
મૈં હૂં સંસાર કે હાથોંમેં, સંસાર તુમ્હારે હાથોં મેં. ■

ધર્મ સૃષ્ટિ



**પ્રહ્લાદભાઈ કામેશ્વર**
લેખક ધાર્મિક સાહિત્ય સંપાદક,
શિક્ષણકાર અને ઊંચા ગજાના દાતા છે

# વેદોનો દિવ્ય સંદેશ

निराहावान्कृणोतन सं वरत्रा दधातन ।
सिंचामहा अवतमुद्रिणं वयं सुषेकमनुपक्षितम् ॥

**(ઋગ્વેદ ૧૦/૧૦૧/૫)**

**જીવનપર્યંત માનવીઓનાં પેટ ભરવા માટે અન્ન પેદા કરવા ભગવાને ખેડૂતને પોતાના પ્રતિનિધિના રૂપમાં નિયુક્ત કર્યો છે. આ ખેડૂત જ આપણો અન્નદાતા પરમેશ્વર છે**

**ભાવાર્થઃ** ખેડૂત ભૂમિના આધારે પેટનું પાલન કરનારો હોય છે. એટલે સમાજમાં તેને શ્રેષ્ઠ સ્થાન મળવું જોઈએ. **શિક્ષિત લોકો જ સારા ખેડૂતો થઈ શકે છે.**

**સંદેશઃ** પરમેશ્વર દરેક પ્રાણીનો જન્મ થતાં પહેલાં જ તેનું પેટ ભરવાની વ્યવસ્થા કરી દે છે. સૌથી પહેલાં તો તેને તેની માતાનું દૂધ મળે છે. જીવનપર્યંત માનવીઓનાં પેટ ભરવા માટે અન્ન પેદા કરવા ભગવાને ખેડૂતને પોતાના પ્રતિનિધિના રૂપમાં નિયુક્ત કર્યો છે. **આ ખેડૂત જ આપણો અન્નદાતા પરમેશ્વર છે.** તેઓ ફક્ત ઘઉં, ચણા, ચોખા, દાળ વગેરેની જ પેદાશ નથી કરતો, પણ જાતજાતનાં પૌષ્ટિક ફળો, વનસ્પતિઓ, ઔષધિઓ, જડીબુટ્ટી વગેરે પણ ઉત્પન્ન કરે છે. તેમના શ્રમથી પશુઓને યોગ્ય આહાર મળે છે અને આપણા માટે તેઓ ઘી-દૂધની નદીઓ વહેવડાવે છે. ખેડૂત જ પોતાના તપ અને સાધનાથી આપણા માટે અન્ન, ફળ, ઔષધિ, જળ, વાયુ, પશુધન અને સુખસંપત્તિની સહાય ધરતીમાતા પાસેથી મેળવે છે. તે આપણી પ્રાણશક્તિ છે, જીવનનો આધાર છે, પ્રજાપાલક છે. **તેનું સ્થાન ભગવાનથી ઓછું નથી. તેના સહયોગ વગર સંસારનું કોઈ પણ કામ થઈ શકતું નથી. 'ભૂખે ભજન ન હોય ગોપાલા.'**

આ ખેડૂતને સમાજમાં સર્વશ્રેષ્ઠ સ્થાન મળવું જોઈએ. રાજા જનકે જાતે ખેતરમાં હળ ચલાવીને ખેડૂતની ગરિમા વધારી હતી, પણ આજની વ્યવસ્થામાં સૌથી વધુ શોષણ ખેડૂતનું જ થઈ રહ્યું છે. રાજનેતા, અધિકારી, વેપારી વગેરે સંસારનાં બધાં સુખસગવડોને પોતાના જ કબજામાં રાખવાનો પ્રયત્ન કરે છે અને ભારે મહેનત કરવા છતાં ખેડૂત પોતાનું પેટ પણ ભરી શકતો નથી. આવું શાથી થઈ રહ્યું છે? આપણે મર્યાદાઓનું તથા નાગરિક કર્તવ્યનું પાલન કરવામાં અનિચ્છા કરીએ છીએ? **સાચું તો એ છે કે આજે આપણા વિચારો ખરાબ થઈ ગયા છે. સ્વાર્થ, માયા, મોહ, લોભ વગેરેના પડદાની આડસમાં આપણને કશું દેખાતું નથી.**

બ્રાહ્મણ જાતે જ સ્વાર્થમાં આંધળો થઈને પતિત થઈ ગયો છે. તે સમાજને જાગૃત કરીને તેને કર્તવ્યનિષ્ઠ બનાવવાની પોતાની મહાન જવાબદારીને ભૂલી ગયો છે. તેનાથી ખેડૂતની પણ દુર્દશા થઈ રહી છે. તે પણ ચારે બાજુ રહેલાં ભૌતિક સાધનોથી ભ્રમિત થઈને તેની પાછળ આંધળી દોટ મૂકવાની લાલસા રાખતો થઈ ગયો છે. **તે બીજાની દેખાદેખીથી શ્રમ તરફથી વિમુખ થવા લાગ્યો છે અને નબળો તથા કામચોર થતો જાય છે.** તેની પ્રતિભા કુંઠિત થતી જાય છે. તે પોતાના વિવેકનો ઉપયોગ યોગ્ય રીતે કરતો નથી. આથી તેના શરીર, મન અને બુદ્ધિની સક્રિયતા અને પ્રખરતામાં ઓટ આવવા લાગી છે. **પોતાના ખોટા ચિંતન અને અવિચારી નિર્ણયોને લીધે તેમને દરેક રીતે નુકસાન, નિરાશા અને હતાશાનો સામનો કરવો પડે છે.**

આનું મૂળ કારણ છે - ખેડૂતોમાં શિક્ષણનો અભાવ. એકબીજાને સહકાર આપવો, એકબીજાના અનુભવનો લાભ ઉઠાવવો અને પ્રાકૃતિક સાધનોનો સમૂહમાં સદુપયોગ કરવો વગેરે ઉત્તમ ખેતીના મુખ્ય આધારો છે. **વરસાદના પાણીને નકામું વહી જતું અટકાવીને અને તેનો યોગ્ય રીતે સંગ્રહ કરીને ધરતીને લીલીછમ રાખવા માટે તેનો ઉપયોગ કરવો જરૂરી છે.**

બ્રાહ્મણોનું અને વિદ્વાનોનું એ કર્તવ્ય છે કે તેઓ ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન આપે. ■





સંપાદક : ડો. પ્રભુદાસ પટેલ

# શ્રી રામચરિતમાનસ કથાસાર

**રામજન્મ ભૂમિ અયોધ્યામાં ભગવાન રામચંદ્રજીનું મંદિર નિર્માણ થઈ રહ્યું છે ત્યારે ગોસ્વામી તુલસીકૃત ‘રામચરિત માનસ’ આધારિત કથાસાર અને ભગવાન રામચંદ્રની લીલાઓ તંત્રીશ્રીની કલમે.**

**પૂર્વકથાઃ** શ્રી રામજીના ચરણનો સ્પર્શ થતાં જ તપોમૂર્તિ અહલ્યા પ્રગટ થયાં. અહલ્યા પ્રભુનાં ચરણોમાં નમી પડ્યાં અને બોલ્યાં, ‘હે કમલનયન, હું આપના શરણમાં આવી છું. મારી રક્ષા કરો, રક્ષા કરો.’ રામજીએ કૃપા કરી અને ગૌતમની પત્ની અહલ્યા આનંદમાં ગરકાવ થઈ પતિલોકમાં ગયાં.

**હવે આગળઃ**

चले राम लछिमन मुनि संगा
गये व्झहाँ व्झग पावनि गंगा

શ્રીરામજી અને લક્ષ્મણજી મુનિની સાથે આગળ ચાલ્યા. તેઓ ત્યાં ગયા કે જ્યાં જગતને પવિત્ર કરનારાં ગંગાજી હતાં. મહારાજ ગાધિના પુત્ર વિશ્વામિત્રજીએ તે આખીય કથા કહી સંભળાવી કે કઈ રીતે દેવનદી પૃથ્વી પર આવ્યાં હતાં. ત્યાં મુનિ સાથે આગળ ચાલ્યા અને જનકપુર પહોંચી ગયા.

पुर रम्यता राम व्झब देखी
हरषे अनुव्झ समेत बिसेपी

શ્રીરામજીએ જ્યારે જનકપુરની શોભા જોઈ ત્યારે નાના ભાઈ લક્ષ્મણ સહિત અત્યંત હર્ષિત થયા. ભ્રમરો ગૂંજન કરી રહ્યા છે, રંગબેરંગી પક્ષીઓ કલરવ કરી રહ્યાં છે, સુખ આપનારો શીતળ મંદ સુગંધી પવન વાઈ રહ્યો છે. નગરની સુંદરતાનું વર્ણન કરી શકાતું જ નથી. સુંદર ચૌટા અને રમણીય શેરીઓ છે. સ્ત્રી-પુરુષો સુંદર પવિત્ર, ધર્માત્મા, જ્ઞાની અને ગુણવાન છે.

सुभग द्वार सष कुलिस कपाटा
भूप भीर नह मागध भाटा

રાજમહેલના સુંદર દરવાજા છે, હીરાથી ચમકતાં બારણાં છે, ઘોડા-હાથી અને રથો સજાયેલા છે. મંત્રીઓ અને સેનાપતિઓનાં ઘર પણ રાજમહેલ જેવાં છે. નગરની બહાર તળાવ અને નદીની પાસે ઘણા બધા રાજાઓએ ઉતારો કર્યો છે.

देखि अनुप एक अंवराई
सष सुपास सष भांति सुहाई



ત્યાં એક અનુપમ રમણીય આંબાવાડિયું હતું તે જોઈને વિશ્વામિત્રજીએ કહ્યું, ‘હે રઘુવીર! મારું મન કહે છે કે અહીં જ રહી જઈએ.’ કૃપાના ધામ શ્રી રામચંદ્રજી ‘બહુ સારું સ્વામિન્’ કહી ત્યાં જ રોકાઈ ગયા. મિથિલાપતિ જનકજીને આ સમાચાર મળ્યા કે મહામુનિ વિશ્વામિત્ર આવ્યા છે, ત્યારે મંત્રીઓ અને શ્રેષ્ઠ બ્રાહ્મણો અને શ્રેષ્ઠીઓ સાથે વિશ્વામિત્રજીને મળવા ચાલ્યા.

कीन्ह प्रनामु चरन धरि माथा
दीन्हि असीस मुहित मुनिनाथा

રાજાએ મુનિનાં ચરણોમાં શિર નમાવી પ્રણામ કર્યા. મુનિઓના સ્વામી વિશ્વામિત્રજીએ પ્રસન્ન થઈ આશીર્વાદ આપ્યા. વારંવાર કુશળ પ્રશ્નો કરી વિશ્વામિત્રજીએ રાજાને બેસાડ્યા. એ જ વખતે બંને ભાઈ (રામજી-લક્ષ્મણજી) ફૂલવાડી જોવા ગયા હતા તે આવી પહોંચ્યા.

श्याम और मृदु बयस किसोरा
लोचन सुखय बिस्व चित चोरा

જ્યારે રઘુનાથજી આવ્યા ત્યારે તેમના રૂપ અને તેજથી પ્રભાવિત થઈને બધા ઊભા થઈ ગયા. વિશ્વામિત્રજીએ તેમને પોતાની પાસે બેસાડી દીધા. બંને ભાઈઓને જોઈને બધાનાં નેત્રોમાં જળ ભરાઈ આવ્યાં. રાજા જનકે વિવેકનો આશ્રય લઈ, ધીરજ ધારણ કરી, શીશ નમાવી ગંભીર વાણીમાં કહ્યું...

करहु नाथ सुंदर दोउ बालक
मुनिकुल तिलक कि नृपकुल
पालक

હે નાથ કહો! આ બંને સુંદર બાળક મુનિકુળનાં આભૂષણ છે કે કોઈ રાજવંશના રક્ષક? શું તેજ બ્રહ્મ યુગલરૂપ ધારણ કરીને તો નથી આવ્યું? એમને જોઈને મારું મન મુગ્ધ થઈ રહ્યું છે, જેમ ચંદ્રમાને જોઈને ચકોર. હે પ્રભુ! મને બતાવો, કશું જ છૂપું ન રાખશો.

(ક્રમશઃ આગળ - **રામચંદ્રજી અને લક્ષ્મણજી નગરયાત્રાએ.**) ■

# ધર્મ સૃષ્ટિ



**ડૉ. કુમારપાળ દેસાઈ**
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને સરકાર દ્વારા 'પદ્મ' એવોર્ડથી વિભૂષિત છે

# શૂન્ય બનીને પૂર્ણ પામીએ



**ખાલી થયા વિના જેઓ અધ્યાત્મના માર્ગે ગયા છે, તેઓ ખાલી હાથે પાછા ફર્યા છે, આનું કારણ છે કે ભૌતિક જીવન દરમિયાન સંપત્તિની લોલુપતા સંન્યાસી બન્યા પછી પણ હૃદયમાં આસન જમાવીને બેઠેલી હોય છે અને જેવી તક મળે કે સંજોગ ઊભા થાય કે તે પ્રગટ થતી હોય છે**

ધર્મનું પ્રથમ કાર્ય છે તમારા ભીતરમાં વર્ષોથી પડી રહેલી સુષુપ્ત શક્તિને પ્રગટ કરવાનું અને પછી તમને આધ્યાત્મિકતા પ્રત્યે છલાંગ લગાવવા ધક્કો મારવાનું. બહુ અઘરી ને કપરી છે આ છલાંગ. ભૌતિક જગતમાં ઘણી વ્યક્તિઓ આધ્યાત્મિક છલાંગ મારવાનો ખૂબ વિચાર કરે છે, પરંતુ વારંવાર ડરીને પાછી ફરી જાય છે. **ભૌતિકતાનું પોતાનું એક પ્રબળ આકર્ષણ હોય છે તે સ્વીકારવું જોઈએ. એની સાથે આપણે આપણાં બાહ્ય સુખ અને કહેવાતી શાંતિને જોડી દીધાં છે.** ભૌતિક જગતમાં આપણને સઘળું જ્ઞાત છે. આવી જ્ઞાતમાંથી અજ્ઞાત અધ્યાત્મમાં છલાંગ લગાવવી મુશ્કેલ એ માટે બને છે કે જ્ઞાતની જાણકારી અને અજ્ઞાતનું અજાણપણું બંને વ્યક્તિને રોકી રાખે છે. ભગવાન બુદ્ધે મહાભિનિષ્ક્રમણ કર્યું તે પહેલાં બે વાર પાછા ફર્યા, પણ ત્રીજી વાર એ નીકળ્યા અને જગતને પ્રકાશ આપ્યો. આથી એને મહાભિનિષ્ક્રમણ એટલે કે 'મહાન પ્રતિ જવું' કહેવામાં આવે છે. એમણે જીવનમાં એક છલાંગ લગાવી અને વૈભવી સાંસારિક જીવનમાંથી નીકળીને આધ્યાત્મિકતાના કિનારે પહોંચી ગયા. પણ એમ ને એમ **છલાંગ લગાવવાથી કશું ન વળે, એ પૂર્વે પહેલું મહત્ત્વનું કાર્ય તો આપણા ભીતરને ખાલી કરવાનું છે.**

જો આપણું ભીતર ભરેલું હશે તો ભીતરમાં કોઈ નવા પ્રકાશનો પ્રવેશ નહીં થાય. માત્ર બાહ્ય બધું પરિવર્તન પામતું રહેશે, કિંતુ હૃદય તો એવું ને એવું જ રહેશે. **આવા બાહ્ય પરિવર્તનથી કશું વળતું નથી.**

હકીકતમાં તો બાહ્ય ઘટના સાથે અંતર પરિવર્તનને કોઈ સંબંધ નથી. ભૌતિકતાથી ભરેલું હૃદયપાત્ર પહેલાં ખાલી થાય પછી જ એમાં અધ્યાત્મ તત્ત્વના ભાવો ભરી શકાય અને એ પછી પરમનો સ્પર્શ પામવાની પાત્રતા કેળવાય. **ખાલી થયા વિના જેઓ અધ્યાત્મના માર્ગે ગયા છે, તેઓ ખાલી હાથે પાછા ફર્યા છે.** આનું કારણ છે કે ભૌતિક જીવન દરમિયાન સંપત્તિની લોલુપતા સંન્યાસી બન્યા પછી પણ હૃદયમાં આસન જમાવીને બેઠેલી હોય છે અને જેવી તક મળે કે સંજોગ ઊભા થાય કે તે પ્રગટ થતી હોય છે. ભૌતિક જીવનમાં રહેલી **ધનની તૃષ્ણાનું નિવારણ કરવામાં આવ્યું ન હોય, તો ભગવાં કપડાં પહેર્યા પછી પણ સાધુ વેપારીની જેમ દ્રવ્યોપાર્જન કરવા લાગશે.** વધુ ને વધુ સંપત્તિની પ્રાપ્તિ માટે મંત્ર, તંત્ર, બાધા, આખડી, જ્યોતિષ દ્વારા પોતાની દુકાન ચલાવશે. **આ રીતે જો ભૌતિકતાનું આકર્ષણ હૃદયમાંથી અળગું થયું ન હોય તો તે કોઈ પણ આધ્યાત્મિક ક્ષણે એના જીવનમાં ડોકિયું કરે છે અને એની સઘળી આધ્યાત્મિકતાને ધૂળધાણી કરી નાખે છે.**

હૃદયમાંથી શું ખાલી કરવાનું છે? સૌથી પહેલી બાબત તો જાણપણાનો ઘમંડ દૂર કરવાની છે. સામાન્ય વ્યક્તિથી માંડીને સમર્થ વિદ્વાનો પણ એમ માનતા હોય છે કે 'હું બધું જાણું છું.' જોકે આના જેવું અજ્ઞાન બીજું એકે નથી. વ્યક્તિનું જાણપણું જ એનું મારક બને છે, કારણ કે **એક વાર જ્ઞાનનો ઘમંડ એના ચિત્તમાં આવ્યો એટલે એનું ચિત્ત બંધિયાર બની જશે,** નવું જ્ઞાન મેળવવાની એની પિપાસા વિદાય પામશે અને નવો પ્રકાશ પામવાનો તો એને સ્વપ્નેય વિચાર નહીં આવે. જ્ઞાનનો અહંકાર એનાં વાણી અને વ્યવહારમાં પણ પ્રગટ થવા લાગશે, આથી જેણે અધ્યાત્મના માર્ગે ચાલવું છે, એણે જ્ઞાનના ઘમંડને ખાલી કરવો પડે છે. ઘમંડ એ જ્ઞાનના દરવાજે લગાવેલું તાળું છે. **જ્ઞાનના દરવાજા પર એ તાળું લગાડવામાં આવે એટલે કોઈ નવો પ્રકાશ, નવી ભાવના, નવો વિચાર, નવો દૃષ્ટિકોણ કે નવું દર્શન એનામાં આવતું નથી.**

બીજું 'ખાલી' થવાનું છે પરંપરાગત રૂઢ સંસ્કારોથી. મનમાં પરંપરાથી કે વહેમથી કેટલાક સંસ્કારો જડ ઘાલી બેઠા હોય છે. માણસ ધીરે ધીરે એ માન્યતા પ્રમાણે ચાલવા લાગે છે અને ક્યારેક તો એ માન્યતા જ એના જીવનનું નિર્ણાયક બળ બને છે. **ભારતમાં બિલાડી આડી ઊતરે એ અપશુકન ગણાય છે તો વિદેશમાં પણ તેરનો આંકડો અપશુકનિયાળ ગણાય છે. આવા વહેમો સમાજને દૂષિત કરે છે.** એને જ્ઞાતિ, જાતિ, ધર્મ, સંપ્રદાયનાં બંધનોમાં બાંધી દે છે. જન્મ, લગ્ન અને મૃત્યુ પ્રસંગનાં કેટલાય સંસ્કારો અથવા તો વિધિવિધાનો પાછળ કોઈ તર્ક કે વિચાર હોતો નથી. જે પરમનો સ્પર્શ પામવા માટે **આપણે મુક્ત ચિત્ત લઈને જવાનું હોય છે ત્યાં આવા પરંપરા પ્રાપ્ત કેટલાક ખોટા સંસ્કારો, વહેમો અને રૂઢિઓ લઈને જઈએ તો શું થાય?**

માનવી અમુક કંઠીઓ બાંધીને ચાલતો હોય છે. એમાં પણ એ ઘણી વાર સંપ્રદાયની ચુસ્તતામાં ફસાઈ જાય છે. પછી એ આગળ-પાછળ કશું જોતો નથી, બલકે અન્ય સંપ્રદાયના અનુયાયીઓને ધિક્કારે છે અથવા તો મિથ્યાત્વી કહીને આઘા હડસેલે છે. **આમ પાંજરામાં પુરાયેલા પોપટ જેવી એની હાલત હોય છે. આ સઘળું બહાર કાઢીને સાધકે એનું હૃદય ખાલી કરવાનું હોય છે.**

# ધર્મ સૃષ્ટિ

મનુષ્યજીવનની સામાન્ય ગતિ એ અહંકારવૃદ્ધિની છે. એ પોતાનો અહંકાર સતત વૃદ્ધિ પામતો રહે તેવા માર્ગે જતો હોય છે. મારી પાસે આટલી વિશાળ સત્તા છે કે મારી પાસે આટલી અઢળક સમૃદ્ધિ છે અથવા તો મારા જેવો કલાનો નિષ્ણાત બીજો કોઈ નથી એવો અહંકાર એ ધારણ કતો હોય છે. સમય જતાં એના ધનભંડાર પર એ ફેણ માંડીને નાગની જેમ બેસે છે. એની સત્તાની વૃદ્ધિ અહંકારવૃદ્ધિમાં પરિણમે છે અને એનું જ્ઞાન ગર્વનું કારણ બનીને નવીન જ્ઞાન મેળવતું બંધ થઈ જાય છે. આવા અહંકારનું વિસર્જન થાય તો જ એ આત્મજ્ઞાન પ્રાપ્ત થઈ શકે, પરંતુ **એ અહંકારને પકડવો જ જ્યાં મુશ્કેલ છે ત્યાં એનું વિસર્જન કરવું એ અતિ વિકટ કાર્ય છે.**

અમાસની ઘનઘોર કાળી રાત હોય, ક્યાંય લેશમાત્ર પ્રકાશ દૃષ્ટિગોચર થતો ન હોય અને આવી કાળી રાતે કાળા વસ્ત્ર પર કાળી કીડી ફરતી હોય તો શું થાય? એને શોધવી મુશ્કેલ બને. એ જ રીતે સામાન્ય મનુષ્ય પોતાના અહમ્‌નો સરળતાથી તાગ મેળવી શકતો નથી. **સાધકે તો અહંકાર શૂન્ય બનવાનું છે અને અહીં શૂન્ય બનીને જ એણે પૂર્ણને પામવાનું છે.**

શક્તિની દોડ, સંપત્તિની સ્પર્ધા, સત્તાનો ગર્વ - આ બધું અનુભવીએ છીએ ત્યારે આપણે આપણી જાતને મહાન શક્તિશાળી માનીએ છીએ અને સ્વભાવ છોડીને વિભાવમાં, વિકૃતિમાં ડૂબી જઈએ છીએ. સાચું જીવન એ તો વૈભવ સામે સતત લડનારું હોય છે. **આપણે આ બધી વસ્તુ મેળવીને પોતાની જાતને સમર્થ માનીએ છીએ, પરંતુ હકીકતમાં તો વ્યક્તિ વધુ ને વધુ નિર્બળ, નિઃસહાય અને વ્યસ્ત બનતો જાય છે.**

આ બધા રસ્તા બેચેનીના, અશાંતિના, અકળામણ આપનારા, દોડાવ્યે રાખનારા અને ડુબાડી દેનારા છે. અહંકારની ગતિ વખતે તમે ખુદ તમારા જીવનની ઉપેક્ષા કરશો. જરા સ્પર્ધાની દોડ ધીમી કરશો તો જ તમે તમારા જીવનને જોઈ શકશો. બાહ્ય જગતમાં જે પ્રાપ્ત કરવા નીકળે છે એ કશુંય પ્રાપ્ત કર્યા વિના ખાલી હાથ પાછા ફરે છે. બાહ્ય જગતમાં જે ત્યાગ કરતા રહે છે તે જ પ્રાપ્ત કરવા જાય છે. જે દોડે છે એ ધીરે ધીરે થાકે છે, પછી હાંફે છે અને અંતે ગબડી પડે છે. જો આવી અહંકારયુક્ત દોડ હોય તો એ સ્વીકારી જ લેવાનું કે તમારું જીવન તણાવપૂર્ણ અને વ્યથિત રહેશે. **જરા વિચારો કે તમારી જીવનદોડ કોઈ આવા માર્ગે ચાલી નથી રહી ને?** ■

## ડૉ. કુમારપાળ દેસાઈને બ્રિટનનાં મિનિસ્ટર બેરોનેસ સ્કોટ દ્વારા અપાયેલો 'અહિંસા એવૉર્ડ'

બ્રિટનની પાલર્મિન્ટના વિલ્સન હોલમાં બ્રિટનના મિનિસ્ટર ઓફ ફેઈથ બેરોનેસ સ્કોટ દ્વારા **ડો. કુમારપાળ દેસાઈને ગત ૧૬ નવેમ્બર, ૨૦૨૨ના રોજ 'અહિંસા એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો.** આ પ્રસંગે પાલર્મિન્ટના સભ્ય અને સંસ્થાના ચેરમેન ગેરથ થોમસ અને ડેપ્યુટી ચેરમેન પદ્મશ્રી અને પાલર્મિન્ટના એમ.પી. બોબ બ્લેકમનની સાથે બર્મિંગહામ યુનિવર્સિટીના પ્રોફેસર, વિવિધ ફેઈથના અગ્રણીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મિનિસ્ટર બેરોનેસ સ્કોટે કહ્યું કે અગાઉ નેલ્સન મંડેલા, દલાઈ લામા અને આચાર્ય મહાપ્રજ્ઞ જેવી વ્યક્તિઓને અપાયેલો **આ એવોર્ડ વૈશ્વિક સંવેદના અને કમ્પેશન વધારવાનું કામ કરનાર ડો. કુમારપાળ દેસાઈને આપતા આનંદ અનુભવું છું.**

કુમાર શાહે એવોર્ડના સાયદેશનનું પઠન કરતા કહ્યું કે, 'પ્રત્યેક ક્ષેત્રમાં માનવીય મૂલ્યોને દૃષ્ટિમાં રાખીને કાર્ય કરનારની બહુમુખી પ્રતિભાને અમે આજે વધાવીએ છીએ. સાહિત્ય, શિક્ષણ, પત્રકારત્વ, ફિલોસોફી અને એન્સાયક્લોપીડિયાના કાર્ય દ્વારા **એમણે મેળવેલી યશસ્વી સિદ્ધિ યાદગાર બની રહી છે.'**

જ્યારે આ એવોર્ડ સ્વીકારતા પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈએ કહ્યું કે, 'અહિંસા એ માત્ર આધ્યાત્મિક શક્તિ નથી, પણ સામાજિક, રાજકીય અને આર્થિક ક્ષેત્રને પ્રભાવિત કરતી શક્તિ છે. વર્તમાન વિશ્વના માનવ અસ્તિત્વ માટે અહિંસા આવશ્યક છે. ક્યાં તો માનવજાતિ અને સમગ્ર બ્રહ્માંડ નષ્ટ થઈ જશે અથવા તો એ અહિંસા દ્વારા વૈશ્વિક એકતા અને માનવબંધુતાનું સર્જન કરશે. અગાઉ વિશ્વશાંતિ માટે કાર્ય કરનાર નેલ્સન મંડેલા, આચાર્ય મહાપ્રજ્ઞજી, કિંગ્સ ચાર્લ્સ ધ વર્ડની હરોળમાં મળેલા આ એવોર્ડનો આનંદ સાથે સ્વીકાર કરું છું, જોકે હકીકતમાં એનાથી હું નવી પ્રેરણા અને મોટીવેશન અનુભવું છું.'



કાર્યક્રમમાં ઉપસ્થિત શ્રમણી પ્રતિભા મહાપ્રજ્ઞજીએ કહ્યું કે, **'ડો. કુમારપાળ દેસાઈનું સન્માન એ જ્ઞાનના પ્રકાશનું સન્માન છે.** આ સમયે બર્મિંગહામ યુનિવર્સિટીમાં ધર્મનાથ સ્વામી ચેર ઇન જૈન સ્ટડીઝનું એમ.ઓ.યુ. કરવામાં આવ્યું. કાર્યક્રમનું સંચાલન **ડો. મેહુલ સંઘરાજકાએ કર્યું હતું અને આભારવિધિ જયસુખભાઈ મહેતાએ કરી હતી.**

ડો. કુમારપાળ દેસાઈને 'અહિંસા એવોર્ડ' પ્રાપ્ત થયો તે તેમની સાહિત્યિક જગતની એક ઊંચી ગરીમાનાં દર્શન કરાવે છે. ભારત સરકારે પણ તેમને સૌથી ઊંચા નાગરિક સન્માન 'પદ્મશ્રી'થી વિભૂષિત કરેલા છે. **તેમાં આ 'અહિંસા એવોર્ડ'થી તેમના મોરમુગટમાં એક નવું પીંછું ઉમેરાયું છે. ડો. કુમારપાળ દેસાઈને વંદન સાથે અભિનંદન.**

**- તંત્રી, ડો. પ્રભુદાસ પટેલ**

# ધી મહેસાણા અર્બન કો-ઓપ. બેન્ક લિ. મહેસાણા

હેડ ઓફિસ : કોર્પોરેટ બિલ્ડીંગ, હાઇવે, મહેસાણા-૨. ફોન : ૦૨૭૬૨- ૨૫૭૨૩૩,૨૫૭૨૩૪ (મલ્ટીસ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક)
Website : www.mucbank.com, Email : info@mucbank.com

## સને ૨૦૨૧-૨૨ ના આકર્ષક પરિણામો

**બેન્કના માનવંતા સભાસદો, ગ્રાહકો, ડીપોઝીટર્સના અતુટ વિશ્વાસ અને સહકારથી આપણી બેન્કની પ્રગતિમાં આગેકુચ બદલ... અભિનંદન**

**જ્વલંત સિધ્ધિ ચોખ્ખો નફો રૂા.૧૧૦/- કરોડને પાર...**

રકમ રૂા. કરોડમાં

| વિગત | તા. ૩૧/૦૩/૨૦૨૧ (ઓડીટેડ) | તા. ૩૧/૦૩/૨૦૨૨ (અન ઓડીટેડ) | વર્ષ દરમ્યાન વધારો રકમમાં | વધારો ટકાવારીમાં |
|---|---|---|---|---|
| કુલ ડીપોઝીટ | ૬૬૧૪.૫૫ | ૭૨૩૧.૬૮ | ૬૧૭.૧૩ | ૯.૩૩% |
| ધિરાણ | ૪૬૦૬.૯૯ | ૫૧૪૨.૦૦ | ૫૩૫.૦૧ | ૧૧.૬૧% |
| ગ્રોસ નફો | ૨૦૭.૭૪ | ૨૪૩.૬૮ | ૩૫.૯૪ | ૧૭.૩૦% |
| નેટ પ્રોફીટ | ૮૬.૭૮ | ૧૧૦.૨૫ | ૨૩.૪૭ | ૨૭.૦૫% |
| રોકડ તેમજ અન્ય બેન્કમાં બેલેન્સ તેમજ RBI બેલેન્સ | ૪૪૩.૨૪ | ૫૭૪.૫૮ | ૧૩૧.૩૪ | ૨૯.૬૩% |
| ગર્વમેન્ટ સિક્યોરીટી તેમજ અન્ય રોકાણો | ૨૪૫૧.૧૩ | ૨૫૯૦.૮૭ | ૧૩૯.૭૪ | ૫.૭૦% |
| શેર મુડી | ૩૧૦.૪૮ | ૩૪૧.૬૭ | ૩૧.૧૯ | ૧૦.૦૪% |
| રીઝર્વ તેમજ અન્ય ભંડોળ | ૫૫૧.૯૬ | ૭૨૧.૦૦ | ૧૬૯.૦૪ | ૩૦.૬૩% |
| ઇન્કમટેક્ષ જોગવાઇ | ૩૮.૪૦ | ૪૬.૫૦ | ૮.૧૦ | ૨૧.૦૯% |
| શાખાઓ | ૫૮ | ૫૮ | - | - |

- આપની થાપણો ડી.આઇ.સી.જી.સી. દ્વારા રૂા.૫/- લાખ સુધી સુરક્ષિત છે.
- બેન્ક દ્વારા તેના સભાસદો તેમજ સેવિંગ્સ/કરંટ ખાતેદારોને અકસ્માત વિમો રૂા.૫/- લાખ સુધીનો લીધેલ છે કોઇપણ જાતના પ્રિમીયમ લીધા સિવાય.
- જે ખાતેદારો, સભાસદોના KYC બાકી હોય તે જે તે શાખામાં અપડેટ કરાવવા વિનંતી.
- લોકર્સ ધરાવનાર વ્યક્તિએ, વર્ષમાં એક વખત લોકર ઓપરેટ કરવું જરૂરી છે.
- ડીપોઝીટ લોકર્સ ખાતેદારના વારસદારની નિમણુંક બાકી હોય તે કરાવી જવા વિનંતી.

**બેન્કનું નેટ NPA "0" (Zero)**

**શ્રી જી. કે. પટેલ**
ચેરમેન

**શ્રી કે. કે. પટેલ**
વાઇસ ચેરમેન

**શ્રી વિનોદકુમાર એમ. પટેલ**
ચીફ એક્ઝીક્યુટીવ

**બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીઓ**

શ્રી ચંદુભાઇ આઇ. પટેલ (સ્થાપક ચેરમેન)
શ્રી કાનજીભાઇ એસ. પટેલ
શ્રી ભાઇલાલભાઇ એમ. પટેલ
શ્રીમતી કોકીલાબેન એન. પટેલ
શ્રી ખોડાભાઇ એન. પટેલ (સ્થાપક મેને.ડીરેક્ટર)
શ્રી નરોત્તમભાઇ એસ.પટેલ
શ્રી કીરીટકુમાર બી. પટેલ
શ્રીમતી દીપીકાબેન આર. પટેલ
શ્રી ડૉ. અનિલભાઇ ડી. પટેલ
શ્રી બાબુભાઇ એ. પટેલ
શ્રી ઘનશ્યામભાઇ કે. પટેલ
શ્રી સોમાભાઇ બી. પટેલ (પ્રો.ડીરેક્ટર)
શ્રી અશોક કુમાર (એડીશનલ ડાયરેક્ટર)
શ્રી જીતેન્દ્રભાઇ પી.પટેલ
શ્રી અમૃતલાલ જી.પટેલ
શ્રી લક્ષ્મણભાઇ એસ. વણકર
શ્રી અલ્કેશભાઇ બી. પટેલ (C.A.પ્રો.ડીરેક્ટર)

તેમજ સમગ્ર અર્બન બેન્ક પરિવાર...

**ઉત્તમ, ઝડપી, વિનયી ગ્રાહક સેવા એજ અમારો ધ્યેય**

## શિક્ષણ સૃષ્ટિ



**અમિત શાહ**
લેખક કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તથા
આધુનિક ભારતના ચાણક્ય છે.

# માતૃભાષામાં શિક્ષણની ખૂલતી દિશાઓ




આઝાદીના અમૃત મહોત્સવના વર્ષમાં ૧૬મી ઓક્ટોબરનો દિવસ સુવર્ણ અક્ષરે લખાશે. આ દિવસ દેશની શિક્ષણ વ્યવસ્થાના પુનઃ જાગરણનો હતો, જ્યારે મધ્ય પ્રદેશ સરકારે દેશમાં સૌથી પહેલાં **તબીબી શિક્ષણ હિન્દીમાં શરૂ કરીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા માતૃભાષામાં શિક્ષણના અભિયાનનો પહેલો અધ્યાય લખ્યો.** ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરજીએ કહ્યું હતું કે, 'ભારતીય સંસ્કૃતિ એક ખીલેલા કમળ જેવી છે, જેની પ્રત્યેક પાંખડી આપણી પ્રાદેશિક ભાષાઓ છે. કોઈ પણ એક પાંખડી નષ્ટ થવાથી કમળની શોભા નષ્ટ પામશે. હું ઈચ્છું છું કે પ્રાદેશિક ભાષાઓ રાણી બનીને પ્રાંતોમાં બિરાજમાન રહે અને તેમની વચ્ચે હિન્દી મધ્યમણિ બનીને બિરાજતી રહે.' **ગુરુદેવ દ્વારા કહેવાયેલી આ વાત, ભારતની ભાષા સંસ્કૃતિનો નિચોડ દર્શાવે છે.** આ જ રીતે યુગ ચરણભારતેન્દુ હરિશ્ચંદ્રજી જ્યારે પોતાની ભાષા (માતૃભાષા)ની વાત કરે છે ત્યારે તેમાં તમામ ભારતીય ભાષાઓ સામેલ હોય છે. દેશના દક્ષિણ છેડાથી ઉત્તર તેમજ પૂર્વ છેડાથી પશ્ચિમ સુધીની તમામ ભાષાઓ આપણી પોતાની ભાષાઓ છે. **ભારત અને ભારતિયતાનાં મૂળમાં આ ભાષાઓની મહાન પરંપરા છે. ભાષા જ વ્યક્તિને પોતાના દેશ, સંસ્કૃતિ અને મૂળ સાથે જોડે છે.**

> **આજે આઠ ભાષાઓ – તમિળ, તેલુગુ, મલયાલી, ગુજરાતી, મરાઠી, બંગાળી, હિન્દી અને અસમિયામાં ઍન્જિનિયરિંગના અભ્યાસક્રમના અનુવાદ કરાવીને માતૃભાષામાં શિક્ષણ આપવાનો પ્રયાસ થઈ રહ્યો છે**

ત્યારે હિન્દી માટે પણ આપણે કોઈ પૂર્વગ્રહ વિના એ સમજવું જોઈએ કે હિન્દીને

કોઈ સ્થાનિક ભાષા સાથે જરાયે મતભેદ નથી. હિન્દી માટે એવો એક ભ્રમ ફેલાવવામાં આવે છે કે તે સ્થાનિક ભારતીય ભાષાઓની વિરોધી છે. આ વાતમાં જરાયે સત્યતા નથી. **હિન્દી ભારતની રાજભાષા છે અને તેને કોઈ પણ સ્થાનિક ભાષા સાથે કોઈ મતભેદ નથી.** હિન્દી તો ભારતની તમામ ભાષાઓની મિત્ર છે. મારું માનવું છે કે હિન્દી અને તમામ ભારતીય ભાષાઓએ થોડાક લવચીક બનવું પડશે. અન્ય ભાષાઓથી કોઈ તફાવત હોય તો તેને ટાળવાને બદલે તેને આપણી ભાષામાં સમાવવાનો પ્રયાસ થવો જોઈએ. આમ થવાથી **તમામ ભાષાઓનો વિકાસ વિરોધાભાસને બદલે પરસ્પર સાથે મળીને થઈ શકશે.**

કેટલાક લોકોમાં અંગ્રેજી વિશે શ્રેષ્ઠતાની ભાવના એવી હોય છે કે ઘણીવાર અંગ્રેજી જાણતી વ્યક્તિને જ્ઞાની માની લેવામાં આવે છે. પરંતુ હકીકત એ છે કે કોઈ પણ ભાષાને જ્ઞાન અથવા બૌદ્ધિક ક્ષમતા સાથે કોઈ સંબંધ નથી હોતો. ભાષા કેવળ અભિવ્યક્તિનું માધ્યમ હોય છે. જો માતૃભાષામાં શિક્ષણ મળે તો બૌદ્ધિક ક્ષમતાનો સંપૂર્ણ લાભ વ્યક્તિને નથી મળી શકતો. કેમ કે **કોઈ પણ બાળક ચિંતન ફક્ત માતૃભાષામાં જ સૌથી સારું કરી શકે છે, જ્યારે પ્રાથમિક શિક્ષણ માતૃભાષા સિવાયની કોઈ ભાષામાં મળે છે ત્યારે તેના મૌલિક ચિંતનના વિકાસમાં અવરોધ પેદા થાય છે.** એટલા માટે મારું માનવું છે કે સંશોધન અને માતૃભાષામાં શિક્ષણ પદ્ધતિ વચ્ચે ગાઢ સંબંધ હોય છે. એટલે આજે આપણે સંશોધન, વિજ્ઞાન, કળા વગેરેમાં પોતાની ક્ષમતાઓનો ફક્ત પાંચ ટકા લાભ લઈ શકીએ છીએ. હાલના પ્રયાસોથી જ્યારે શિક્ષણ માતૃભાષામાં અપાશે અને દેશ પોતાની સંપૂર્ણ બૌદ્ધિક ક્ષમતાનો ઉપયોગ કરી શકશે તો મારું માનવું છે કે આત્મનિર્ભર નવા ભારતની યાત્રાને મહત્ત્વપૂર્ણ વેગ મળશે. વિશ્વભરના શિક્ષણવિદોએ માતૃભાષામાં શિક્ષણને મહત્ત્વપૂર્ણ માન્યું છે, કેમ કે **વિચાર, સંશોધન, વિશ્લેષણ, શોધખોળ તેમજ નિષ્કર્ષની પ્રક્રિયા આપણું મન માતૃભાષામાં જ કરે છે.**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, વૈજ્ઞાનિક અને તકનિકી શિક્ષણ તેમજ નિષ્ણાતોને સામાન્ય લોકો તેમજ ભારતીય ભાષાઓ સાથે જોડવાની હિમાયત કરતા હતા. બાપુએ કહ્યું હતું, **'ભારતીય ભાષાઓમાં શિક્ષણ પામેલા રસાયણશાસ્ત્રી, ઍન્જિનિયર તેમજ અન્ય વિશેષજ્ઞ વિદેશી નહીં, પરંતુ સામાન્ય લોકોની ભાષા બોલશે.** જે જ્ઞાન તેઓ મેળવશે તે સામાન્ય લોકોની પહોંચમાં હશે.' બાપુના વિચારને અનુરૂપ મોદી સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલી નવી શિક્ષણનીતિમાં પ્રાથમિકથી માંડીને તકનિકી અને તબીબી શિક્ષણ સુધીનું શિક્ષણ માતૃભાષામાં ઉપલબ્ધ કરાવવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. આ પ્રયાસના ભાગરૂપે પહેલી વાર પોતાની સ્વભાષા હિન્દીમાં એમબીબીએસનું શિક્ષણ શરૂ કરનાર મધ્ય પ્રદેશ દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. નવી શિક્ષણનીતિ હેઠળ પ્રધાનમંત્રી **નરેન્દ્ર મોદીજીનું લક્ષ મેડિકલ, ઍન્જિનિયરિંગ અને લૉ (કાયદા)નું ઉચ્ચ શિક્ષણ તમામ ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવાનું છે. આ દિશામાં મોદી સરકાર સંપૂર્ણ નિષ્ઠા અને સમર્પણ સાથે પ્રયાસ કરી રહી છે.**

> **આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ અટલીજીની એ પરંપરાને આગળ વધારતા વૈશ્વિક મંચો ઉપર હિન્દીમાં ભાષણ આપે છે. મોદીના હિન્દીમાં ભાષણ આપવાથી વૈશ્વિક સ્તરે તો ભારતીય ભાષાને ઓળખ મળે જ છે, ઉપરાંત ભારતીયોનો આત્મવિશ્વાસ પણ વધે છે.**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં આજે દેશ આત્મનિર્ભરતાના માર્ગે આગળ વધી રહ્યો છે. એવામાં આપણે સમજવું પડશે કે આત્મનિર્ભર શબ્દ ફક્ત ઉત્પાદન, વાણિજ્ય સંસ્થાઓ માટે નથી, પરંતુ આત્મનિર્ભર શબ્દ ભાષાઓના સંદર્ભે પણ એટલું જ મહત્ત્વ ધરાવે છે. **આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન ત્યારે જ સાકાર થશે, જ્યારે આપણી ભાષાઓ મજબૂત થશે.** આ વાતને ધ્યાનમાં રાખીને સરકારે નવી શિક્ષણનીતિમાં ભારતીય ભાષાઓમાં શિક્ષણ ઉપર વધુ ભાર મૂક્યો છે. સરકારના પ્રયાસોના પરિણામ સ્વરૂપે હવે શિક્ષણ ક્ષેત્રે ભારતીય ભાષાઓને વિશેષ મહત્ત્વ મળવા પણ લાગ્યું છે. આજે આઠ ભાષાઓ - તમિળ, તેલુગુ, મલયાલી, ગુજરાતી, મરાઠી, બંગાળી, હિન્દી અને અસમિયામાં ઍન્જિનિયરિંગના અભ્યાસક્રમના અનુવાદ કરાવીને માતૃભાષામાં શિક્ષણ આપવાનો પ્રયાસ થઈ રહ્યો છે. નીટ અને યુજીસી દ્વારા યોજાતી પરીક્ષાઓ પણ ૧૨ ભાષાઓમાં લેવાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ **તમામ હકીકત શિક્ષણ ક્ષેત્રમાં ભારતીય ભાષાઓને વધુ મજબૂત બનાવવા પ્રત્યે મોદી સરકારની પ્રતિબદ્ધતા જ દર્શાવે છે.**

ભારતીય જનતા પાર્ટીએ જ્યારે પણ અવસર મળ્યો છે ત્યારે ભારતીય ભાષાઓને પ્રોત્સાહન આપવાનું કામ કર્યું છે. ગુલામીનો કાળખંડ વીતી ગયા પછી પણ ભારતની સત્તાધારી સંસ્થાઓમાં લાંબા સમય સુધી ભારતીય ભાષાઓ બાબતે એક પ્રકારની લઘુતાગ્રંથિ વિકસતી રહી હતી. દેશના નેતા વિદેશી મંચો ઉપર અંગ્રેજીમાં ભાષણ આપતા હતા, પરંતુ ભાજપના અટલ બિહારી વાજપેયીજીએ વિદેશમંત્રી તરીકે જ્યારે તક મળી ત્યારે તેમણે સંયુક્ત રાષ્ટ્રના મંચ ઉપરથી હિન્દીમાં ભાષણ આપીને ભારતીય ભાષાને ગૌરવ પ્રદાન કર્યું છે. આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ અટલીજીની એ પરંપરાને આગળ વધારતા વૈશ્વિક મંચો ઉપર હિન્દીમાં ભાષણ આપે છે. **મોદીના હિન્દીમાં ભાષણ આપવાથી વૈશ્વિક સ્તરે તો ભારતીય ભાષાને ઓળખ મળે જ છે, ઉપરાંત ભારતીયોનો આત્મવિશ્વાસ પણ વધે છે.**

આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં ભારતીય ભાષાઓમાં ઉચ્ચ શિક્ષણના માર્ગો ખૂલી રહ્યા છે. જે આપણી ભાષાઓના વિકાસમાં તો ફાયદાકારક હશે જ, સાથે સાથે દેશના વિદ્યાર્થીઓની સંશોધનની ક્ષમતામાં પણ ગુણાત્મક વધારો કરશે. મને પૂરેપૂરો વિશ્વાસ છે કે યુગો યુગો સુધી **ભારત પોતાની ભાષાઓ સાંભળીને અને તેનું જતન કરશે અને આપણે તેને લવચીક અને લોકોઉપયોગી બનાવતા બનાવતા વિકાસનાં નવાં સોપાનો સર કરતાં રહીશું.** ■



**કૃષ્ણકાંત ઉનડકટ,**
લેખક જાણીતા પત્રકાર, કટાર લેખક અને સમાજ ચિંતક છે.

# જીવન એક એવો જુગાર છે, જે દરેકે રમવો જ પડે છે



**'દરેક માણસ એક્સપાયરી ડેટ લઈને જ જન્મ્યો છે, દરેક વ્યક્તિના કપાળે વાંચી ન શકાય તેવા અક્ષરોમાં અંતની એક તારીખ લખેલી હોય છે, આ તારીખથી ડરવાની જરૂર નથી પણ આ તારીખ સુધી જીવવાનું અને જીવી જાણવાનું જરૂરી છે'**

જીવન એક જુગાર છે. આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ, એ જુગાર આપણે રમવો પડે છે. રોજ સવારે એક બાજી લાગે છે. હાર અથવા જીત એ બાજીની પ્રકૃતિ છે. આ જુગાર સમય સાથેનો છે. **સમય દરેક વખતે જીતવા નથી દેતો અને સમય દરેક વખતે જીતતો પણ નથી.**

ઇતિહાસ ગવાહ છે કે, માણસ સમયનું પોત ફાડીને સફળ થયો છે. ભીંત ઉપર ઊગેલા પીપળાની જેમ માણસ સમયે ફાડીને જીવ્યો છે અને જીત્યો છે. જિંદગીનો જુગાર સંઘર્ષનો છે. જેનો સંઘર્ષ ઓછો પડે તે જ વ્યક્તિ આ જુગાર હારે છે. **કોઈ પણ મહાન માણસની વાત લઈ લો, તેને એકેય સફળતા સહજતાથી નથી મળી.**

આંકડાઓમાં માનનારાઓના મતે જિંદગી ગણિત છે. જિંદગીના આ ગણિતમાં સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર છે. અંતે તો **માણસે જન્મથી મૃત્યુ સુધીના એકથી સોની સફર પૂરી કરવાની હોય છે.**

એકથી સો, ક થી જ્ઞ, અતથી ઇતિનો સંબંધ જીવન સાથે છે. સવારના નસીબમાં પણ રાત લખાઈ જ છે. ફિલ્મ અભિનેત્રી તબ્બુએ એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, 'દરેક માણસ એક્સપાયરી ડેટ લઈને જ જન્મ્યો છે. દરેક વ્યક્તિના કપાળે વાંચી ન શકાય તેવા અક્ષરોમાં અંતની એક તારીખ લખેલી હોય છે. આ તારીખથી ડરવાની જરૂર નથી પણ આ તારીખ સુધી જીવવાનું અને જીવી જાણવાનું જરૂરી છે.'

બજારમાં કોઈ પણ ચીજ લેવા જઈએ ત્યારે તેના પેકિંગ ઉપર લખ્યું હોય છે કે- **બેસ્ટ બીફોર ડેટ સો ઍન્ડ સો. જીવવનું પણ એવું જ છે. લાઇફ ઇઝ બીફોર ડેથ.**

જિંદગી પહાડ ઉપરથી વહેતાં ઝરણાં જેવી છે. તમે તેને રોકી શકવાના નથી. તેની ગતિ ચાલુ જ રહેવાની છે. આ **નદીએ વચ્ચે આવતાં પથ્થરો સાથે ટકરાવાનું છે અને દરિયા સાથે મળી જવાનું છે.**

દરેક જિંદગીની એક નિયતિ હોય છે. વિધાતા લેખ લખે છે એવી કાલ્પનિક વાતો છે. કદાચ વિધાતા લેખ લખતી નહીં હોય. વિધાતા તો કદાચ દરેક વ્યક્તિના હાથમાં પેન પકડાવી દેતી હશે. **પેન આપીને વિધાતા કહે છે કે, લ્યો તમે જ તમારાં નસીબ લખો. તમે જ તમારી રેખાઓ દોરો અને તમે જ તમારા ભાગ્યની રંગોળી બનાવો. કેવા રંગ પૂરવા એ તમારે નક્કી કરવાનું છે.**

જિંદગી મેરી-ગો-રાઉન્ડ જેવી છે. જિંદગીનું ચક્ર ફજરફાળકાની જેમ સતત ઉપર-નીચે ફરતું રહે છે. ટોચ પણ છે અને તળિયું પણ છે. **કૂંપળ પણ છે અને ફૂલ પણ છે. ઉદય પણ છે અને અસ્ત પણ છે. સુખ છે અને દુઃખ પણ છે.**

મેરી-ગો-રાઉન્ડમાં બેઠા બાદ એક બાળકે સામાન્ય, પરંતુ ખૂબ જ તાત્ત્વિક સવાલ કર્યો. ફજરફાળકામાં નીચે આવતી વખતે જ કેમ ડર લાગે છે? નીચે ધસતી વખતે જ કેમ પેટમાં સેરડો પડે છે? આ પ્રશ્નનો જવાબ કદાચ એવો હશે કે, **આરોહણમાં તો આનંદ જ હોય છે. પડતી કે પતન વખતે જ ચિંતા કે ડર લાગે છે.**

ગ્રીક ફિલસૂફ પાયથાગોરસે કહ્યું છેઃ જે માનવ પોતાની જાત પર નિયંત્રણ ધરાવતો ન હોય, એ મુક્ત નથી. મતલબ કે સુખ, સફળતા અને શાંતિ માટે જાત પર નિયંત્રણ જરૂરી છે. નિયંત્રણ એટલે મનાઈ નહીં, નિયંત્રણ એટલે યોગ્ય ઉપયોગ. જીવવા માટે ઊંઘવું જરૂરી છે અને સતત ઊંઘતા રહેવાથી જીવી તો શકાય પણ જીવનનો અર્થ રહેતો નથી અને **માણસ ધારે તો પણ સતત ઊંઘી શકતો નથી. ઊંઘ એ જ શીખવે છે કે ઊંઘીને જાગવાનું છે.**

જિંદગીનો જુગાર દરેક માણસે રમવો જ પડે છે. જોકે આ જુગાર બાવન પત્તાંના જુગાર જેવો નથી. આ જુગાર જીવતો કે હારવો તે માણસના પોતાના હાથમાં છે. **મારે હારવું નથી એવો દૃઢ નિશ્ચય કરનારો માણસ જિંદગીનો જુગાર ક્યારેય હારતો નથી.** ■



**ધરમવિજય પંડિત**
લેખક પૂર્વ આચાર્ય અને હિન્દી સાહિત્યના વિદ્વાન છે

# શિક્ષણનો વ્યવસાય એક પવિત્ર વ્યવસાય છે



**શિક્ષક વર્ગમાં જ નહીં, વર્ગ બહાર પણ દરેક જગ્યાએ પોતાના શબ્દો, વલણ, હાવભાવ, ચાલ-ચલગત, પોતાના વિચારો અને અભિવ્યક્તિ વડે શિક્ષણ આપતો હોય છે.**

Teaching is a pious profession. ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોએ ગુરુ-શિક્ષકને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના દેવસ્થાને પ્રસ્થાપિત કર્યા છે. લોકોની શિક્ષક પ્રત્યેની પૂજ્ય ભાવના, શ્રદ્ધાએ શિક્ષકના વ્યવસાયને પવિત્રતા બક્ષી છે. **શિક્ષકના આચાર-વિચાર, વાણી-વર્તન, વ્યવહાર અને કર્તવ્ય પરાયણતાને કારણે શિક્ષકનો વ્યવસાય પવિત્ર વ્યવસાય ગણાય છે.**

સંસ્કૃતની બે ધાતુ - શબ્દાન્સથી ગુરુ શબ્દ બન્યો છે. 'ગુ' અને 'રુ'. 'ગુ' એટલે અંધકાર અને 'રુ' એટલે અંધકારને દૂર કરનાર. ભારતીય સમાજની માન્યતા પ્રમાણે અંધકાર એ અજ્ઞાનનું પ્રતીક છે, જ્યારે પ્રકાશ જ્ઞાનનું. **અંધકારરૂપી અજ્ઞાનને દૂર કરી પ્રકાશરૂપી જ્ઞાન આપે તે ગુરુ - શિક્ષક.**

બીજા વ્યવસાયમાં વ્યક્તિ ધારે ત્યારે પોતાનો વ્યવસાય બદલી શકે છે. તે વ્યક્તિ એક સાથે બે વ્યવસાય કરી શકે છે. બીજા વ્યવસાયમાં કામના કલાકો પછી તે વ્યવસાયિક રહેતો નથી. જ્યારે શિક્ષકના વ્યવસાયમાં એક વાર શિક્ષક તે કાયમ માટે શિક્ષક, ચોવીસ કલાક શિક્ષક. વર્ગમાં કે વર્ગ બહાર, શાળામાં કે શાળા બહાર, બજારમાં ખરીદી કરતી વખતે, પાર્ક-બગીચામાં કે સામાજિક પ્રસંગો કે હરવા-ફરવાના સ્થળે ગમે ત્યાં, હંમેશાં શિક્ષક, શિક્ષક જ હોય છે. લોકો શિક્ષકોને સદા શિક્ષક તરીકે જ જુએ છે અને શિક્ષક વર્ગમાં જ નહીં, વર્ગ બહાર પણ દરેક જગ્યાએ પોતાના શબ્દો, વલણ, હાવભાવ, ચાલ-ચલગત, પોતાના વિચારો અને અભિવ્યક્તિ વડે શિક્ષણ આપતો હોય છે. **લોકોની ધારણા છે કે શિક્ષક કદી ખોટું કરે જ નહીં અને આ ધારણા જ શિક્ષકને આદરણીય બનાવે છે.**

શિક્ષક બાળકોને જોઈતી અને જરૂરી માહિતી, અપેક્ષિત જ્ઞાન અને સંસ્કાર આપી સમજુ, સક્ષમ અને આદર્શ નાગરિક બનાવે છે. તે યુવાધનને સંજોપયોગી, રાષ્ટ્રોપયોગી, જવાબદાર અને ઉત્પાદક-સર્જક નાગરિક તરીકે તૈયાર કરે છે. સુસંસ્કારી સમાજનું નિર્માણ કરવામાં એક શ્રેષ્ઠ શિક્ષકનો ફાળો અગત્યનો છે. એટલે જ કોઠારી કમિશને (૧૯૬૪-૬૬) કહ્યું હતું, 'The future of India is being moulded in the class rooms.' **(શિક્ષક પાસેથી સમાજને ઘણી અપેક્ષાઓ છે અને એક શિક્ષક સમાજની એ અપેક્ષાઓ પૂરી કરે છે.)**

**આપણે શિક્ષકને ચાર શ્રેણી - કેટેગરીમાં મૂકી શકીએ**

**૧. Teaching Teacher (ભણાવતો શિક્ષક)**

ભણાવતો શિક્ષક ફક્ત ભણાવવાનું જ કામ કરે છે. પોતાને મળેલા વિષયના પાઠ્યક્રમને તે વળગી રહે છે. સમયસર પાઠ્યક્રમ પૂરો કરવાને જરૂરી સમજે છે. **શાળાના સમય સિવાય તેને શિક્ષણ સાથે કોઈ સંબંધ હોતો નથી.**

**૨. Working Teacher (કામ કરનાર શિક્ષક)**

આવો શિક્ષક વર્ગમાં જતા પહેલાં તેને શું ભણાવવાનું છે, કેવી રીતે ભણાવવાનું છે તેનું આયોજન કરે છે. **તેના વિષયમાં બાળકને કેવી રીતે સક્રિય કરવા તેનો વિચાર કરે છે. વિદ્યાર્થી ઉપર તેનો અમલ કરે છે.**

**૩. Thinking Teacher (વિચારવાન શિક્ષક)**

આવો શિક્ષક ફક્ત ભણાવતો નથી, પણ શીખવે છે. પોતાના વિષયને કેવી રીતે સરળતમ બનાવવો. એ વિષયમાં બાળકોને કેવી રીતે પ્રવૃત્તિમય કરવા, વિચાર કરતા કરવા તેનું આયોજન કરી વર્ગમાં અમલ કરે છે. **બાળકોને સ્વતંત્ર અભિવ્યક્તિ કરવા માટેની પ્રેરણા આપે છે. આવા શિક્ષકો જ બાળકો માટે આદર્શ રોલ-મોડલ હોય છે.**

**૪. Accidental Teacher (અકસ્માતે શિક્ષક)**

આવા શિક્ષકો શિક્ષણના વ્યવસાયમાં અકસ્માતે આવી જતા હોય છે. બી.એ. કર્યું - નોકરી નથી મળી એટલે બી.એડ્. કરી નાખો. સદ્ભાગ્યે શિક્ષકની નોકરી મળી ગઈ. **સારી તકો આપતી બીજી નોકરી મળવાની સાથે તેઓ શિક્ષકની નોકરી છોડી દેતા હોય છે.**

ભણાવવા સાથે શીખવનાર શિક્ષક બ્રાન્ડ હેનરીએ કહ્યું છે: 'A Good teacher can inspire hope, ignite the imagination and instill love of learning.

સમાજને, દેશને આજે સુસજ્જ, સંસ્કારી, જ્ઞાની શિક્ષકોની જરૂરિયાત છે. ઉચ્ચ વિચાર, આદર્શ જીવનશૈલી ધરાવનાર શિક્ષક સમાજનો શણગાર છે. **આવા સમાજ ઉપયોગી, રાષ્ટ્ર ઉપયોગી, જવાબદાર અને ઉત્પાદક નાગરિક તૈયાર કરનાર શિલ્પી શિક્ષકને સહસ્ત્ર વંદન.** ■



બી. વી. ચૌહાણ
લેખક નવી ભોજન પ્રથાના હીમાયતી છે

# રોગ થાય જ નહીં તે માટે શું કરવું?



રોગ થઈ ગયા બાદ તેને મટાડવા કોશિશ કરવી તેનાથી સારું એ છે કે રોગ થવા જ ન દેવો, પરંતુ આપણે જોઈએ છીએ કે **હવે તો બાળક રોગ લઈને જ જન્મે છે અને તેથી જન્મતા પહેલાંથી જ માતા મારફત બાળકને દવાઓ આપવાનું શરૂ થઈ જાય છે.** જન્મ બાદ તુરત જ પોલિયોનાં ટીપાં, શીતળાની રસી અને અન્ય જાતજાતની દવાઓ આપવી શરૂ થઈ જાય છે તે જીવનપર્યંત મરતા સુધી અપાય છે. આમ માણસ મરતો મરતો જીવે છે. એટલે કે મરવા વાંકે જીવતો હોય છે. બાળકને વારસામાં રોગ ન આપવો હોય તો બાળકના શરીરનું બંધારણ સારું થવું જ જોઈએ, જે માતાના ગર્ભમાં થાય છે. આથી માતાપિતાએ પોતાના શરીર નીરોગી રાખવા આવશ્યક બની જાય છે. જેથી **માતાપિતાએ યોગ્ય આહારપદ્ધતિ અપનાવવી રહી. જેથી પોતે પણ નીરોગી રહી શકશે અને બાળકને વારસામાં નીરોગી શરીર આપી શકશે.**

હવે બાળકનો ઉછેર યોગ્ય આહારથી થવો જોઈએ, જેથી શરીર સદા નીરોગી રહે. રોગની કોઈ સંભાવના જ ન રહે. આ માટે માતાનું દૂધ બંધ થયા બાદ કોઈ દૂધ આપવું ન જોઈએ. **કુદરતી ખોરાક કુદરતી સ્વરૂપે જ આપવો જોઈએ. રાંધેલ ખોરાક ખાવાની આદત જ ન પાડવી જોઈએ.** કાચો કંદ-મૂળ, ફળ, પાન, પાણીની જ ટેવ પાડવી જોઈએ, જેનાથી તેને પૂરતું પોષણ પણ મળી રહેશે અને સદા નીરોગી રહેશે એટલું જ નહીં, તેને ચશ્મા પણ નહીં આવે, વાળ સફેદ નહીં થાય, દાંત નહીં પડે, યુવાની લંબાઈ જશે, ઘડપણ ટૂંકાઈ જશે, આયુષ્ય વધી જશે અને મોત સહજ કષ્ટરહિત થશે. ખોટા ખ્યાલોમાંથી બહાર નીકળી નવી પ્રણાલિ અમલી બનાવીશું તો દવારહિત દુનિયાનું નિર્માણ થશે. **સારું જીવન જીવી શકીશું અને સારું મોત માણી શકીશું.**

> **જો માતા સમયસર યોગ્ય આહાર પ્રણાલિ અપનાવશે તો બાળકના શરીરનું બંધારણ તો સારું થશે જ, સાથોસાથ માતાને પણ ફાયદો થશે, તેનું શરીર તંદુરસ્ત રહેશે, પ્રસૂતિની પીડા હળવી બનશે**

જો માતા સમયસર યોગ્ય આહાર પ્રણાલિ અપનાવશે તો બાળકના શરીરનું બંધારણ તો સારું થશે જ, સાથોસાથ માતાને પણ ફાયદો થશે. તેનું શરીર તંદુરસ્ત રહેશે. પ્રસૂતિની પીડા હળવી બનશે, ઑપરેશન કરી બાળક લેવું નહીં પડે, પ્રસૂતિ બાદ શરીર બેડોળ બને છે તે પણ નહીં બને. પ્રસૂતિ વખતનું જોખમ ઘટશે. આ અતિશયોક્તિ નથી, સત્ય હકીકત છે. પરંતુ માતાના શરીરમાં જ જો પહેલેથી માળખાકીય ખામી હોય તો તેવા કિસ્સામાં ધાર્યું પરિણામ ન મળે તેવું બને. પરંતુ **આ સુધારાની પ્રક્રિયા તો ચાલુ થઈ જ જાય છે, જે સમય જતાં સારાં પરિણામો આપે છે.** ■

● નવી ભોજનપ્રથાથી રોગ નાબુદી સહજ છે. ● નીરોગી જીવન નવી ભોજનપ્રથાથી જ શક્ય છે. ● કુદરતી હવા, પાણી, ખોરાકથી જ નીરોગી જીવન શક્ય છે. ● અકુદરતી ભોજનથી રોગ થાય છે, દવાથી રોગ વધે છે. ● શરીરમાં જમા થયેલ મળ સડે છે, જે રોગરૂપે દેખા દે છે. ● રાંધેલ આહાર મળ છે, દૂધ ઝેર છે - રોગનાં જનક છે. ● ખોટી માન્યતાથી, ખોટી ક્રિયાથી ખોટું પરિણામ મળે છે. ● ઉપવાસ ઉત્તમ છે, ખાવું ખરાબ છે. ● કાચું તે સાચું, રંધાયું તે ગંધાયું. ● પત્ર, પુષ્પ, ફળ અને જળ જેમનાં તેમ આરોગવા તે જ સાચું ભોજન છે. ● રોગ શત્રુ નહીં, મિત્ર છે. ● જૂની અને હાલની ભોજનપ્રથાનું મિશ્રણઃ નવી ભોજનપ્રથા. ● ભોગી રહો છતાં નીરોગી રહો - નવી ભોજનપ્રથા. ● ભોગી રહો અને રોગી રહો - હાલના વિજ્ઞાનની ભોજનપ્રથા. ● ત્યાગી રહો અને સ્વસ્થ રહો - ઋષિઓની જૂની ભોજનપ્રથા. ● સમય, શક્તિ અને પૈસા ખર્ચીને રોગ ખરીદીએ છીએ. ● રસોડામાં રોગ ઊગે છે, દવાખાનામાં પોષાય છે, ઉપવાસથી નાશ પામે છે. ● રોગ માટે રસોડું બ્રહ્મા છે, દવા વિષ્ણુ છે, નવી ભોજનપ્રથા મહેશ છે. ● રોગની જનક હાલની ભોજનપ્રથા એ વિજ્ઞાનના અજ્ઞાનનું ફળ છે.

# SWARNIM DHARTI




## 3 BHK MAJESTIC LIVING & RETAIL SPACES

PROJECT BY

GOLDEN DHARTI
INFRASTRUCTURE

**Site : Swarnim Dharti, Nr. Sardar Dham, Vaisnodevi Circle**
**S.P. Ring Road, Ahmedabad - 382 421**

Booking Contact :
**89800 06032, 89800 06042**

swarnimdharti@gmail.com
www.swarnimdharti.com

RERA REG. No.: PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA /MAA08640/170621
www.gujrera.gujarat.gov.in



**રસિક પટેલ**


લેખિકા આધુનિક વિચારસરણી ધરાવતાં જાણીતાં કોલમિસ્ટ છે

# ભગ્ન લગ્નજીવનથી સુજ્ઞ લગ્નજીવનની સફર

**બસ વર્ષ ઉપર વર્ષ પસાર થઈ રહ્યા છે અને ઉંમરના એક પડાવે બંને પહોંચી ગયાં છે. લગ્નજીવન માટે વાતચીત અને સંવાદ એક ઘરેણું છે તો સામે અબોલા લગ્નજીવનનું ભંગાણ પણ બની શકે છે**

અમન અને મોનાના લગ્નજીવનને આમ તો વર્ષો વીતી ગયાં. ૩૦ વર્ષનું સુખી કહી શકાય તેવું, પરંતુ શુષ્ક લગ્નજીવન... કે જેમાં જીવંતતા કરતાં નિર્જીવપણું વધારે દેખાય, એમ છતાં સામાજિક મર્યાદાને કારણે બંને એક જ છત નીચે રહેતાં હોવા છતાં રોબોટ જેવું યંત્રવત્ જીવન જીવી રહ્યાં છે. આમ તો બંનેને એકબીજા પ્રત્યે કોઈ જ ફરિયાદ નથી, પરંતુ એકબીજા પ્રત્યે ઉમળકો પણ નથી. લાગણીની શૂન્યતા એ બંનેના જીવનને અજગરની જેમ ભરડો લીધો છે કે જેમાં **બંને ના તો એકબીજાને છોડી શકે કે ના તો સાથે રહી શકે. એમ છતાં રગસિયા ગાડાની જેમ જીવન જીવી રહ્યાં છે.**

બે સુંદર બાળકોનાં માતા-પિતા હોવાને નાતે પણ સાથે રહેવા મજબૂર છે. આટલાં વર્ષોના લગ્નજીવનમાં અમનને એવું સતત લાગ્યા કરે છે કે અમે એકબીજા માટે બન્યા નથી. કહેવાય છે કે જોડીઓ ઉપરથી નક્કી થઈને આવતી હોય છે, પરંતુ ક્યારેક ઉપરવાળાની ભૂલના કારણે અમન અને મોના જેવી જોડી બની જતી હોય છે, કોઈ લિકેજ છતમાંથી જેમ પાણીનાં બિંદુઓ ટપક્યાં કરે તેમ બંનેના જીવનમાંથી પણ નિઃસાસાનાં આંસુ ટપક્યાં કરે છે. **ઉંમરનો એક પડાવ ઓળંગી લીધા પછી જ્યાં શરીર પણ ફરિયાદ કરતું હોય તેવા સમયે બંનેને એકબીજાની હૂંફની જરૂર હોય...** સાંનિધ્યની જરૂર હોય... સાથની જરૂર હોય. તેવા સમયે બંને એક જ રૂમમાં હોવા છતાં બંને એકબીજાથી હજારો કિલોમીટર દૂર હોય તેવો બંનેને અહેસાસ થઈ રહ્યો છે.



# નારી સૃષ્ટિ

**સાથે અને જોડે હોવા છતાં જોજનો દૂર હોય તેવું નીરસ જીવન બંને જીવી રહ્યાં છે.**

હળવાશના સમયમાં પતિ-પત્નીનું સાથે બેસવું, બંનેનો એકબીજાને સ્પર્શ જ પરમ સુખની અનુભૂતિ કરાવતો હોય. વળી પત્ની હળવા હાથે પોતાની નાજુક કોમળ આંગળીઓ વડે પતિના માથામાં માલિશ કરતી હોય, વળી પત્નીના છૂટા વાળની ઝુલ્ફો પતિના મોઢા ઉપર છવાયેલી હોય, બંને મૌન બેઠાં હોય તો પણ એકબીજામાં ખોવાયેલાં હોય, એકબીજામાં સમાયેલાં હોય તેવી અદ્ભુત અવસ્થામાં જીવતા યુગલથી એકદમ વિરુદ્ધ જીવન અમન અને મોના જીવી રહ્યાં છે. તેઓ નથી ક્યારેય ઝઘડતા… **નથી એકબીજાના દોષો જોતાં, નથી કોઈ ફરિયાદ કરતાં એમ છતાં બંનેને એવું લાગ્યા કરે કે જીવનમાં કશુંક ખૂટે છે, જે ભરપાઈ થઈ શકે તેમ નથી.**

અમન નોકરી પર જાય, નોકરી પરથી પરત આવે… મોના પણ નોકરી કરે છે. બંને એકબીજાને ખૂબ વફાદાર પણ છે. એમના જીવનમાં લગ્નેતર સબંધને કોઈ જ સ્થાન નથી. મોનાને એવું થયા કરે કે પતિ મારી સાથે ઝઘડો કરે… ઊંચા અવાજે બોલે… મારા પર ગુસ્સો કરે… પરંતુ અમનનો શાંત સ્વભાવ આવું બધું કરતો નથી. એકવાર મોનાને થયું કે આજે તો અમન મારા ઉપર ગુસ્સે થાય તેવું કૈંક કરું… તેણે જાણીને ચામાં ખાંડની જગ્યાએ મીઠું નાખી દીધું… અને રાહ જોવા લાગી કે અમન હમણાં મારા ઉપર ગુસ્સો થશે, પરંતુ **અમન એ ખારી ચાનું પોઝિટિવ રૂપાંતર કરી બોલ્યો, 'આજે તો ઘણા દિવસે ખારી ચા મળી. ગળું ચોખ્ખું થઈ ગયું.'**

હવે ગુસ્સો અમનની જગ્યાએ મોનાને આવવા માંડ્યો કે, 'હે ભગવાન… આવા માણસ જોડે કેવી રીતે જીવવું.' અમનની પ્રકૃતિ ઠંડી. નહીં કોઈ ઉત્સાહ-ઉમંગ કે નહીં કોઈ રસાસ્વાદવાળું જીવન. ઈશ્વર પણ આવા યુગલને પૃથ્વી ઉપર ઉતારી પ્રયોગો કરતા રહે છે. બધી જ સુખ સુવિધા હોવા છતાં આર્થિક સમૃદ્ધિનો ઝગમગાટ ઘરના આંગણાને શોભાવતો હોવા છતાં **કૈંક ખૂટવાની વાતનો અહેસાસ બંનેના લગ્નજીવનને છિન્નભિન્ન કરી રહ્યો છે. બધું હોવા છતાં કંઈ નથી એવું બંનેને લાગ્યા કરે છે.**

બંને વચ્ચે કોઈ જ અનુરાગ નથી, છતાં જીવી રહ્યાં છે… ના કોઈ ઉમંગ… ના કોઈ હેત… બસ વર્ષ ઉપર વર્ષ પસાર થઈ રહ્યા છે અને ઉંમરના એક પડાવે બંને પહોંચી ગયાં છે. લગ્નજીવન માટે વાતચીત અને સંવાદ એક ઘરેણું છે તો સામે અબોલા લગ્નજીવનનું ભંગાણ પણ બની શકે છે. મોનાને પણ સતત લાગ્યા કરે કે અમન તરફથી તેને જે હૂંફ-સથવારો-સાંનિધ્યનો અનુભવ થવો જોઈએ તે નથી થતો. અમનને પણ એવું લાગે છે કે તેનું ઘર કોઈ ઘર નથી, પણ કોઈ હોટેલનો રૂમ છે, જેમાં બંને મહેમાન બનીને રહીએ છીએ… બંનેને સુંદર મજાનાં બે બાળકો છે. બંને યુએસએ સેટલ થયેલાં છે. અમન અને મોનાના જીવન વિશે બંને બાળકોને ખ્યાલ છે, પરંતુ કોઈ ઝઘડો હોય તો સુલેહ થાય, પણ અમન-મોના વચ્ચે કોઈ ઝઘડો થતો જ નથી, **બંનેની મનોસ્થિતિ કોઈ સુષુપ્ત જ્વાળામુખી જેવી છે, જે ફાટી પણ શકતો નથી અને એની અંદરનો લાવા ધગધગે છે, જે બહાર પણ નીકળી શકતો નથી.**

સમય તેનું કામ કરી રહ્યો છે. રોજ દિવસ ઊગે છે અને સાંજ આથમે છે અને એ સમય આવી ગયો કે જ્યાં બંનેના હૃદયના તાર ઝણઝણી ઊઠયા અને બંને એકબીજામાં સમાઈ ગયાં… ઈશ્વર પણ ઘણા સમયથી રાહ જોતા હતા કે આ યુગલ એક થાય, એકરૂપ બની જાય… જ્યાં ફક્ત પ્રકૃતિ હોય, પ્રકૃતિનો સંવાદ હોય અને બસ આ યુગલ હોય… **સમગ્ર સૃષ્ટિ બંનેનાં વધામણાં લેતી હોય અને દેવો પણ હાથમાં પુષ્પવર્ષા લઈ ઊભા હોય… એ ઘડી આવી ગઈ.**

બન્યું એવું કે હીરો હોન્ડા બાઈક ઉપર જતા બંનેને એક ડમ્પર અથડાયું.બંને લોહીલુહાણ થઈ ગયાં. અમનના હાથ અને પગની આંગળીઓમાંથી પુષ્કળ લોહી વહી રહ્યું હતું, મોનાને માથામાં ઊંડો ઘા હતો, જેમાંથી લોહી સતત નીકળતું હતું. મોનાને પગના ઢીંચણમાંથી પુષ્કળ લોહી વહી રહ્યું હતું. માથામાં લાગેલા ઊંડા ઘાને કારણે મોના વારંવાર બેભાન થઈ જતી હતી. અમન સતત ઍમ્બ્યુલન્સ માટે ફોન કરતો હતો, પરંતુ સફળ ન્હોતો થતો.મોનાની હાલત ઘણી ગંભીર થઈ રહી હતી. અમન તાત્કાલિક બંને હાથે મોનાને ઊંચકી હૉસ્પિટલ તરફ રીતસર દોડવા માંડયો. મોનાને ઊંચક્યા પછી અમનનો પગનો ઘા વધારે ડેન્જર બની ગયો અને તેમાંથી લોહીની ધાર વછૂટી… તેનું એક જ ધ્યેય હતું કે હું જીવું કે મરું, પણ મારી મોનાને હૉસ્પિટલ પહોંચાડીને જ રહીશ… આખરે હૉસ્પિટલ પહોંચ્યા પહેલાં જ મોના બેભાન થઈ ગઈ… મલ્ટિ નેશનલ હૉસ્પિટલમાં આ પહેલો પ્રસંગ હતો કે કોઈ પુરુષ… **પોતે લોહી નીતરતો હોવા છતાં લોહીથી લથબથ કોઈ સ્ત્રીને ખભે નાખી દોડતો હોય અને મદદ મદદની બૂમો પાડતો હોય..**

આખરે મોનાની સારવાર તાત્કાલિક શરૂ થઈ, પરંતુ અમન હૉસ્પિટલના દરવાજામાં જ ફસડાઈ પડ્યો અને બેભાન થઈ ગયો. દસ દિવસની બંનેની સારવાર પછી બંનેને સારું લાગવા માંડ્યું. મોનાની સારવાર કરતી હૉસ્પિટલની નર્સ અનીતાએ જ્યારે મોનાને વાત કરી કે આખી હૉસ્પિટલમાં તમારા પતિ 'ટૉક ઓફ ધ હોસ્પિટલ' બની ગ્યા છે. પોતે લોહીલુહાણ હોવા છતાં પોતાની પત્નીને ઊંચકીને જે રીતે દોડ્યા તે વાત સાંભળી મોનાના હૃદયમાં અમન માટે અગાધ પ્રેમનું ઊંડાણ ઊભું થઈ ગયું. **જેમ પ્રથમ વરસાદ પછી ભીની માટીમાં નાની કુંપણ ફૂટે તેમ મોનાના દિલમાં અમન માટે લાગણીની પ્રથમ કુંપણ ફૂટી, જે હવે વટ વૃક્ષ બનીને અમનને ભીંજવી દેવાની હતી…** અમનના દિલમાં પણ મોના માટે લાગણીનું ઝરણું વહેવા માંડ્યું હતું તે હવે ધોધમાં પરિવર્તિત થવાનું હતું. મોના અને અમન હૉસ્પિટલથી ઘરે આવ્યાં…તો જે ઘર બંનેને સૂકુંભાંઠ ભાસતું હતું તે જ ઘર આજે પહેલી વાર હૂંફનો હાશકારો બની રહ્યું હતું. બંનેની આંખો એકબીજાને સદીઓથી ઓળખતી હોય તેવી રીતે જોઈ રહી હતી. **બંનેના સુજ્ઞ લગ્નજીવનની સાચી સફર હવે ચાલુ થઈ રહી હતી અને સાચી દિશા અને દશા તરફ આગળ વધી રહી હતી અને વધતી રહેશે તેવી આશા નિર્વિવાદ છે.** ■

**બહુરત્ના વસુંધરા**

**એક મુલાકાત**



**આર. પી. પટેલ, પ્રણેતા - પ્રમુખ, વિશ્વ ઉમિયાધામ**

# આધ્યાત્મિક ચેતના - સમાજ વિકાસનો આધારસ્તંભ. મંદિર દ્વારા માનવ ઉત્કર્ષ

**વિશ્વમાં જગતજનની શ્રી ઉમિયા માતાજીના સૌથી ઊંચા (૫૦૪ ફૂટ) મંદિર નિર્માણના સ્વપ્નદૃષ્ટા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી આર. પી. પટેલનું માનવજીવનના ઉત્કર્ષમાં મંદિરના માધ્યમના મહત્ત્વ વિષેનું ચિંતન**

हम सनातन हिंदु, हमारी मंदिर पहचान है
भगवंत मूरत – दर्शन – पूजन मंदिर श्रद्धाधाम है

આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ એટલે મંદિર અને મંદિર નિર્માણ થકી માનવ ઉત્કર્ષ જે આધ્યાત્મિક ચેતનાને પ્રજ્વલિત કરી સમાજ વિકાસનો આધારસ્તંભ બને છે. વ્યક્તિમાં રહેલી અગાઢ શક્તિઓ જ્યારે આધ્યાત્મિક ચેતનાથી ઉજાગર થાય છે ત્યારે પ્રભુ માટે પ્રેમ ઉભરી આવે છે. મન સ્થિર થાય છે અને વ્યક્તિમાં રહેલા વિકારોનું મારણ કરે છે. પશુ - પંખી અને માનવજાત સુધી પ્રેમની સુવાસ મહેંકી ઉઠે છે અને દરેકના પ્રતિ માન - સન્માનની લાગણી પેદા થાય છે. સમાજ અને રાષ્ટ્ર માટે કંઈક કરી છૂટવાની ભાવના ઉત્તેજિત બને છે અને **વ્યક્તિ સામાજિક કાર્યોમાં સહયોગી બને છે એટલે કે મંદિરો આપણી સંસ્કૃતિની પહેચાન છે, આપણી અસ્મિતા છે અને સંસ્કૃતિનો આધારસ્તંભ છે.**

હજારો વર્ષોથી મંદિર નિર્માણનું કાર્ય અવિરતપણે થઈ રહ્યું છે, જેનું મૂળ શિવકથાથી શરૂ થાય છે. શિવજીના અપમાનથી સતી દુભાયા અને પિતા દક્ષે આદરેલ યજ્ઞમાં કૂદી પડ્યાં. શિવજી ક્રોધે ભરાયા - તાંડવ શરૂ કર્યું. સતીના શબને લઈને ઘૂમવા લાગ્યા. પ્રલય થઈ જશે એ બીકથી નારાયણે શિવજીને મોહભંગ કરવા સુદર્શનથી સતીનાં અંગોના ૫૧ ટુકડા કરી નાખ્યા. **આ ૫૧ ટુકડા ભૂમિ ઉપર જ્યાં જ્યાં પડ્યા ત્યાં શક્તિપીઠ મંદિરો ઊભાં થયાં.**



**આવી ત્રણ મુખ્ય શક્તિપીઠ ગુજરાતમાં છે : ૧. અંબાજી, ૨. પાવાગઢ, ૩. બહુચરાજી.**

કોઈ માનવી મંદિરની આવશ્યકતાનો ઈન્કાર કરી શકે જ નહીં. મહાન વિભૂતિ આદિ શંકરાચાર્યને મંદિરની જરૂર જણાઈ અને તેમણે બદ્રીનાથમાં મંદિરની સ્થાપના કરી. તે પછી તો તેમની પ્રેરણાથી ભારતમાં અસંખ્ય મંદિર નિર્માણ થયાં. મહાત્મા ગાંધીએ પણ ગરીબો માટે દરીદ્રનારાયણ શબ્દ પ્રયોજ્યો ને તેમને પણ મંદિરની આવશ્યકતા જણાઈ અને કહ્યું, **'તમે મંદિરમાં જાઓ અને નમ્રતાથી પ્રાર્થના કરી પશ્ચાત્તાપ પણ કરો. હૃદયની શુદ્ધ ભાવનાથી મંદિરમાં જાઓ.'**

મિત્રો ! મંદિર કેવળ પૂજાસ્થાન નહીં, પરંતુ આપણી સંસ્કૃતિનું પ્રતીક છે. ૧૯૩૯માં શ્રીમાન ઘનશ્યામદાસ બિરલાએ દિલ્હીમાં બિરલા મંદિર બનાવ્યું. તે પછી તો પૂ. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના આદેશ થકી **પ્રમુખસ્વામી મહારાજે ૪૫ વર્ષમાં દેશ અને દુનિયામાં ૧૨૩૧ જેટલાં મંદિરો નિર્માણ કર્યાં.** મંદિરો થકી સમાજ વિકાસના પાયાની જરૂરિયાત સમા શિક્ષણને પ્રાધાન્ય આપ્યું, અનેક ગુરૂકુળો, સ્કૂલ - કૉલેજો અને યુનિવર્સિટી સુધીના શિક્ષણ કાર્યો શરૂ કરીને સમાજને સશક્ત કરવાની મહત્ત્વની ભૂમિકા ભજવી છે. રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ થકી યુવાઓમાં રહેલી ક્ષમતાઓને ઉજાગર કરવામાં મંદિરોનું પ્રદાન અગ્રેસર રહ્યું છે. લોકોની સુખાકારી માટેની અનેક હોસ્પિટલોનું નિર્માણ થકી આરોગ્ય ક્ષેત્રે

અનેકવિધ પ્રવૃત્તિઓ મંદિર દ્વારા સમાજમાં થઈ રહેલ છે. પરિણામ એ આવ્યું કે આ બધાં મંદિરો થકી માનવના મનનો વિકાસ થયો. સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર થયો. મંદિરના માધ્યમથી કથાઓ - વાર્તાઓ - સપ્તાહો - સાધુઓનાં પરિભ્રમણ - આ બધાંના કારણે **માનવીના મનમાં આસ્થા - શ્રદ્ધા - વિશ્વાસ પેદા થયા. મંદિરોએ જીવન જીવવાનું અને સારી રીતે જીવવાનું ભાથું આપ્યું.**

મંદિરોનું મહત્ત્વ અને અનિવાર્યતા કદાપી નકારી શકાતી નથી. ભલે યુગ શંકરાચાર્યનો હોય, ચૈતન્ય મહાપ્રભુનો હોય કે સ્વામી વિવેકાનંદજીનો હોય કે પછી ગાંધીનો હોય, વૈદિક કાળથી આ પરંપરા રહી છે. સનાતન હિંદુ ધર્મની સંસ્કૃતિ વિશ્વના મંદિરો થકી જીવંત છે. ઈતિહાસ કહે છે - **મંદિરનો પ્રારંભ પુરાતન કાળથી થયો છે. ઋગ્વેદ એ માટે આપણો દસ્તાવેજ છે. તેમાં મંદિર અને મૂર્તિ પૂજાનો નિર્દેશ મળે છે.**

વૈદિક કાળમાં કાષ્ટનાં મંદિરો હતાં, તેના પુરાવા મળે છે. કાષ્ટનાં મંદિરોનું આયુષ્ય ઓછું હોવાથી તેના સ્થાને પથ્થરોનાં મંદિરો ઊભાં થયાં. આપણા નાલંદા, તક્ષશીલા અને ધોળાવીરામાં પણ ૫૦૦૦ વર્ષ જૂની શિવની મૂર્તિ મળી આવી છે. **તે સૂચવે છે કે મંદિરો તે સમયમાં પણ અસ્તિત્વમાં હતાં અને સમાજ જીવનના મૂલ્યોનું શિક્ષણ પણ મંદિર થકી જ આપવામાં આવતું હતું.** જેની સાક્ષી પ્રસિદ્ધ ગ્રીક ઈતિહાસકારો પણ આપે છે. ઈજિપ્ત અને ગ્રીસમાં પણ મંદિરોનો નિર્દેશ પ્રાપ્ત થાય છે. ત્યાં પણ હિંદુ મંદિરોનાં પ્રમાણ મળે છે. વિક્રમાદિત્યના સમયમાં પણ મંદિરના અનેક પ્રમાણ અને ગ્રંથો મળે છે. ઈલોરાની પ્રખ્યાત ગુફામાં પણ કૈલાસ મંદિરનું સ્મારક છે. કોણાર્કનું સૂર્યમંદિર અને મીનાક્ષી મંદિર તેના પ્રમાણ છે. ગુજરાતમાં વલ્લભીપુર સુધી મંદિરો હતાં, જ્યાં ૧૦,૦૦૦ સાધુ-સંતો રહે તેવી વ્યવસ્થા હતી. આમ, મંદિરોનું ધાર્મિક - સામાજિક - શૈક્ષણિક - આરોગ્યિક તેમજ યુવા વિકાસ ક્ષેત્રે અનેકગણું પ્રદાન રહ્યું છે. ટૂંકમાં મંદિરો સમાજ વિકાસના આધારસ્તંભો કહી શકાય.



રામજન્મભૂમિ, પશુપતિનાથ, કેદારનાથ, દ્વારિકા, કૃષ્ણ જન્મભૂમિ દરેક જગ્યાએ મંદિરોનો અનોખો પ્રભાવ છે. આજે પણ શિવરાત્રી, રામનવમી, કૃષ્ણ જન્મોત્સવ અને નવરાત્રી જેવા અનેક ધાર્મિક તહેવારો ઉજવાય છે અને તેની સુગંધ આજ સુધી એવી ને એવી જળવાઈ રહી છે. તેથી જ તો આપણા માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સુશાસનમાં ૫૦૦ વર્ષના સંઘર્ષને અંતે અયોધ્યામાં (રામજન્મભૂમિમાં) ઐતિહાસિક રામમંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. **જેવી રીતે પુષ્પ તેની સુગંધ ફેલાવે છે તેવી રીતે સંસ્કારોની સુગંધ મંદિરો પ્રસરાવે છે અને તેનું નિર્માણ ભક્તિ-શ્રદ્ધા અને સમર્પણ હોય ત્યારે જ શક્ય બને છે.**

આધ્યાત્મિક ચેતનાનાં કેન્દ્રસમા મંદિરોના માધ્યમથી જ સમાજમાં સંસ્કારોનું સિંચન થતું હોય છે, જે સમાજને સશક્ત બનાવે છે અને મજબૂત રાષ્ટ્રનું નિર્માણ કરે છે. વિવિધ ધર્મ સંપ્રદાયોએ મંદિરોના નિર્માણ થકી દેશ-વિદેશના લાખો પરિવારોમાં સેવા અને સમર્પણની ભાવનાને પ્રજવલ્લિત કરી **"સેવા પરમો ધર્મ"**ના મંત્રને સાર્થક કરવામાં સવિશેષ





યોગદાન આપ્યું છે. ધર્મ, સમાજ અને રાષ્ટ્ર માટે યુવાઓમાં રહેલ અતુલ્ય સામર્થ્ય, સાહસ અને શક્તિઓને સાચા અર્થમાં ઉજાગર કરી માનવથી માનવને જોડવાનું અદ્ભુત કાર્ય મંદિરોના નિર્માણ થકી અનેક સંપ્રદાયોએ કર્યુ છે. કોરોનાની વિકટ પરિસ્થિતિમાં **માનવ સેવાનાં ઉત્તમ કાર્યો દેશ-વિદેશનાં મંદિરો થકી થયાં છે, જે અવિસ્મરણીય છે અને આ કાર્ય માટે તમામ મંદિરોના ટ્રસ્ટીશ્રીઓને કોટિ કોટિ વંદન કરીએ તો પણ ઓછા કહી શકાય !**

આમ, આધ્યાત્મિક ચેતના જ્યારે સમાજ વિકાસનો આધારસ્તંભ હોય ત્યારે મંદિર નિર્માણની આવશ્યકતા હંમેશાં બને છે, જે અંતર્ગત વિશ્વ ઉમિયાધામ દ્વારા એસ. જી. હાઈવે, અમદાવાદમાં વૈષ્ણોદેવી સામે જાસપુર રોડ ઉપર ૧૦૦ વીઘા જમીનમાં **રૂ. ૧૦૦૦ કરોડના સામાજિક નિધિ સહયોગથી જગતજનની મા ઉમિયાનું વિશ્વમાં સૌથી ઊંચું (૫૦૪ ફૂટ) મંદિર નિર્માણ કાર્ય થઈ રહેલ છે. જે પાંચમા ધામ તરીકે શિક્ષણ, આરોગ્ય, રોજગાર, પર્યાવરણ અને યુવા વિકાસ માટેનો મજબૂત આધારસ્તંભ બની રહેશે અને દેશ માટે પ્રવાસનનું ધામ બની રહેશે.**

આ પાવન અને પવિત્ર કાર્ય એક પવિત્ર હેતુ - પવિત્ર ભાવ - સંસ્કૃતિની ધરોહર માટે અને માનવ ઉત્કર્ષ માટે જ હાથ ધરેલ છે. **વિશ્વ ઉમિયાધામનું મંદિર તમામ માટે કીર્તિસ્તંભ પુરવાર થઈ જગતની અજાયબીઓમાં એકનો વધારો કરશે.** મંદિર પરિસર કોઈ પણ મહામારી સમયે, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભૂકંપ જેવા સમયે સાચા અર્થમાં માનવ મંદિર બની રહેશે.

અંતમાં શરૂઆતની પંક્તિઓ ફરીથી લખી આપ સૌને વંદન કરી મંદિરોનો ઉજાસ વધતો રહે તે માટે દીવામાં ઘી પૂરવાની અપીલ કરું છું.

हम सनातन हिंदु, हमारी मंदिर पहचान है
भगवंत मूरत – दर्शन – पूजन मंदिर श्रद्धाधाम है ■





**અજય ઉમટ**
લેખક - વરિષ્ઠ પત્રકાર, રાજકીય વિશ્લેષક અને દૈનિક 'નવગુજરાત સમય'ના વિદ્વાન તંત્રી છે

# 'સેવા'ની મિસાલ અને નખશિખ ગાંધીવાદી ઇલાબહેનને નેલ્સન મંડેલાએ વૈશ્વિક નેતા તરીકે પોંખ્યાં હતાં



સરદાર એટલે સરદારની માફક ઈલાબેન એટલે ઈલાબેન... સ્વર્ગસ્થ ઈલાબેનની આ શ્રદ્ધાંજલિ લખતી વેળા જાણે શબ્દો પણ નિઃસ્પૃહ બની સંન્યાસ લેવાનો મિજાજ દર્શાવે છે. સ્વભાવે સરળ, સહજ, સૌમ્ય, સમન્વયી અને સાયુજ્યમાં માનતાં ઈલાબેન સાચા અર્થમાં નખશિખ ગાંધીવાદી અને ક્રાંતિવીર હતાં. મહિલા સશક્તિકરણના મુદ્દે નેતૃત્વ આપવામાં ઈલાબેનનો જોટો જડે તેમ નથી. અમેરિકી ફર્સ્ટ લેડી રહી ચૂકેલાં હિલેરી બિલ ક્લિન્ટન ઈલાબેનને શ્રદ્ધાંજલિ આપતાં કહે છે કે મારા માટે તેઓ એક હીરો સમાન હતાં. પાંચ દાયકા સુધી 'સેવા'ના માધ્યમથી લાખો બહેનોને સ્વાશ્રયી બનાવનાર **ઈલાબેન ભટ્ટ સાચા અર્થમાં ગરીબી નિર્મૂલન માટે માઈક્રો ફાઈનાન્સની પ્રયોગશાળા સમાન હતાં.**

ઈલાબેન એટલે જાણે જીવતી જાગતી સંસ્થા. સેલ્ફ એમ્પ્લોઈઝ વિમેન્સ એસોસિયેશન એટલે કે 'સેવા'નાં સંસ્થાપકશ્રી વૈશ્વિક ફલકમાં માઈક્રો ફાઈનાન્સનાં પ્રણેતા તરીકે તેમણે આગવી ઓળખ ઊભી કરી. ઈલાબેને સિદ્ધ કર્યું હતું કે જો મહિલાઓને માઈક્રો ફાઈનાન્સ થકી આર્થિક મદદ, લોન કે ગ્રાન્ટ આપીને રોજગારી અને સ્વાવલંબનનું ધ્યેય હાંસલ કરવાની કોશિશ કરાય તો એના પરિપાકરૂપે સમાજમાંથી ગરીબી નાબૂદી અને મહિલાઓ પર થતી હિંસાની નાબૂદી પણ થાય, કારણ કે સ્વાશ્રયી મહિલાઓ પરિવારનું જીવનધોરણ ઊંચું લાવી શકે છે. **બાળકોને બહેતર શિક્ષણ આપી શકે છે**

**હિલેરી ક્લિન્ટને ઇલાબેન સાથે ખાસ્સો ઘરોબો જાળવ્યો હતો અને બે વખત અમદાવાદ ખાતે 'સેવા' સંસ્થાની મુલાકાત લઈને નારી ઉત્કર્ષના તેમના પ્રયોગને સમજવાની અને શીખવાની કોશિશ કરી હતી**

**અને સાચા અર્થમાં સ્ત્રી સશક્તિકરણની વાતને સાર્થક કરી શકે છે.**

ઈલાબેનની સેવાની સુવાસ આંતરરાષ્ટ્રીય ફલક સુધી પહોંચી હતી. હિલેરી ક્લિન્ટનથી માંડીને સાઉથ આફ્રિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ નેલ્સન મંડેલા ઈલાબેન ભટ્ટને મૂઠી ઊંચેરાં માનવી તરીકે વિશેષ સન્માન આપતા. હિલેરી ક્લિન્ટને ઈલાબેન સાથે ખાસ્સો ઘરોબો જાળવ્યો હતો અને બે વખત અમદાવાદ ખાતે 'સેવા' સંસ્થાની મુલાકાત લઈને નારી ઉત્કર્ષના તેમના પ્રયોગને સમજવાની અને શીખવાની કોશિશ કરી હતી. એક દૃષ્ટિએ જોવા જઈએ તો **હિલેરી ક્લિન્ટન ઈલાબેન અને તેમની સંસ્થાના બ્રાન્ડ એમ્બેસેડર બની ગયાં હતાં અને સમગ્ર વિશ્વમાં નારી સશક્તિકરણની બાબતમાં ઈલાબેનની મિસાલ આપતાં હતાં.**

દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ અને પ્રખર ગાંધીવાદી નેલ્સન મંડેલાએ નિવૃત્તિ બાદ 'ધ એલ્ડર્સ' નામનું વિશ્વના નવ આંતરરાષ્ટ્રીય - વૈશ્વિક ખ્યાતિ ધરાવતા પૂર્વ રાષ્ટ્રપ્રમુખો અને વડા પ્રધાનોનું એક ગ્રૂપ બનાવ્યું હતું, જેમાં અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ જિમી કાર્ટર, સંયુક્ત રાષ્ટ્રસંઘના મહાસચિવ કોફી અન્નાન, બ્રિટનનાં પૂર્વ પીએમ માર્ગારિટ થેચર સહિતના મહાનુભાવોનો સમાવેશ થતો હતો. આ ગ્રૂપમાં દક્ષિણ એશિયામાંથી ભારતનાં ઈલાબેન ભટ્ટની વરણી નેલ્સન મંડેલાએ કરી હતી. **મારો વ્યક્તિગત અભિપ્રાય છે કે ઈલાબેનને તેમની નેત્રદીપક કામગીરીને કારણે રેમન્ડ મેગ્સેસે, રાઈટ લાઈવલીહૂડ એવૉર્ડ, પદ્મશ્રી અને પદ્મભૂષણ, ઈન્દિરા ગાંધી શાંતિ પુરસ્કાર વગેરે અનેક એવૉર્ડ મળ્યા હતા, પરંતુ નેલ્સન મંડેલાના 'ધ એલ્ડર્સ ગ્રૂપ'માં સમાવેશ થવો એ બાબત વૈશ્વિક દૃષ્ટિએ ઉપરોક્ત એવૉર્ડથી કમ ન હતી.** કમનસીબે આ બાબતનો પ્રચાર-પ્રસાર કદી થયો ન હતો, કારણ કે ઈલાબેન હંમેશાં વ્યક્તિગત પ્રસિદ્ધિથી જોજનો દૂર રહેતાં. દેશ-વિદેશમાં તેમની સંસ્થાને કોઈ એવૉર્ડ મળે ત્યારે તેઓ મોટેભાગે પોતાની સંસ્થાની બહેનોને એ એવૉર્ડ લેવાની તક આપતાં. **આયોજકો જો ઈલાબેનની હાજરીનો જ દુરાગ્રહ રાખે તો પોતાની સાથે કમ સે કમ પાંચથી છ સ્વાશ્રયી બહેનો સાથે રિક્ષામાં સભાસ્થળે પહોંચતાં.**

ઈલાબેનને શ્રદ્ધાંજલિ આપવી એટલે ગાગરમાં સાગર સમાવવાની કવાયત છે, પરંતુ આ ઓછા જાણીતા પ્રસંગનો ઉલ્લેખ અનિવાર્ય છે. દક્ષિણ આફ્રિકામાં ગાંધી શતાબ્દિ સમારોહમાં હાજરી આપવા ગયેલા પત્રકારોએ નેલ્સન મંડેલાની મુલાકાત લીધી ત્યારે તેમણે ભારતીય પત્રકારોને ઈલાબેનની તબિયત વિશે પૃચ્છા કરી હતી. તેઓને મહિલા ઉત્કર્ષના ક્રાંતિવીર અને ગાંધીવાદી મહિલા તરીકે ઓળખાવતાં કહ્યું કે, ઈલાબેને મને જોડા અને મોજાંની આપેલી ભેટ હું કદી નહીં ભૂલી શકું. **માડીબાના હુલામણા નામે ઓળખાતા મંડેલાની આ કેફિયતથી પત્રકારોને આશ્ચર્ય થયું, પરંતુ પેટાપ્રશ્ન પૂછવાની કોઈની હિંમત ન થઈ.**

ઈલાબેન સાથેની મુલાકાતમાં મેં તેઓને આ કેફિયત કમ કુતૂહલ અંગે પૃચ્છા કરતાં ઈલાબેન ખડખડાટ હસી પડ્યાં અને કહ્યું કે, નેલ્સન મંડેલા ખૂબ ભોળા ભટાક માનવી છે. ભલા આદમી આવી વાતનો તો ઉલ્લેખ થતો હશે?! વાસ્તવમાં ઈલાબેને ફોડ પાડતાં કહ્યું કે જેલમાંથી મુક્ત થયા બાદ મંડેલા બે વર્ષે ભારત આવ્યા ત્યારે મારે ઘેર પધાર્યા હતા અને એ સમયે શિષ્ટાચારના નાતે તેમણે જોડા ઉતાર્યા અને મારી નજર પડી કે તેમનાં મોજાં ટેરવાં અને એડીના ભાગેથી ફાટેલાં છે. તેઓ ફ્રેશ થઈને આવ્યા ત્યાં સુધીમાં મેં તેમના માટે મોજાં અને જોડાની વ્યવસ્થા કરી રાખી હતી. મંડેલાને આશ્ચર્ય થયું અને પૂછ્યું કે આ શા માટે? ત્યારે ઈલાબેને સમજાવ્યું કે આવતી કાલે આપ દિલ્હીમાં રાજઘાટ ખાતે જશો ત્યારે જો મોજાં ફાટેલાં હશે તો દિલ્હીની ઠંડીને કારણે આરસપહાણ અતિશય ઠંડો હશે અને તમને ટાઢ ચડી જશે. ઈલાબેનની આ ચીવટ અને કાળજીથી મંડેલા અતિશય પ્રભાવિત થયા હતા અને કહ્યું હતું કે **ગાંધીજી જે કરુણા અને અનુકંપાની વાત કરતા હતા, એ ગાંધીચીંધ્યા માર્ગે જીવવાનું ઈલાબેને જાણે આત્મસાત કર્યું હતું. મંડેલાના આ ઉદ્‌ગારથી મોટી શ્રદ્ધાંજલિ શું હોઈ શકે?** ■



**જીવન ઝરમર**

જન્મ - અમદાવાદ (૧૯૩૦), સ્નાતક - સુરત (૧૯૫૨), કાનૂન સ્નાતક - અમદાવાદ (૧૯૫૪), મજૂર મહાજનના કાયદા વિભાગમાં જોડાયાં (૧૯૫૫), અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક રમેશ ભટ્ટ સાથે લગ્ન (૧૯૫૬), મજૂર મહાજનની મહિલા પાંખનાં વડાં (૧૯૬૮), સેલ્ફ એમ્પ્લોઇડ વિમેન્સ એસોસિયેશન (સેવા)ની મજૂર મહાજનમાં સ્થાપના (૧૯૭૨), પહેલાં સેવા સહકારી મંડળી રચી અને પછી સેવા બેન્કનીસ્થાપના, સેવા સંસ્થા મજૂર મહાજનની સ્વતંત્ર બની (૧૯૮૦), સેવાના મહામંત્રી (૧૯૭૨-૧૯૯૬), વિમેન્સ વર્લ્ડ બેન્કિંગની સ્થાપના (૧૯૭૯), રાજ્યસભાના સભ્ય (૧૯૮૬-૮૯), આયોજન પંચના સભ્ય (૧૯૮૯-૧૯૯૧), સેવા એકેડેમીની સ્થાપના, ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ (ચાન્સેલર) (૨૦૧૫-૨૦૨૨), અવસાન (૨ નવેમ્બર-૨૦૨૨).

**સન્માન-પદ**

રેમન મેગ્સેસે એવોર્ડ (૧૯૭૭), ધ રાઇટ લાઇવલીહૂડ એવોર્ડ (૧૯૮૪), પદ્મશ્રી (૧૯૮૫), પદ્મભૂષણ (૧૯૮૬), જ્યોર્જ મીનીલેન હ્યુમન રાઇટ એવોર્ડ (૨૦૦૫), ઇન્દિરા ગાંધી પ્રાઇઝ ફોર પીસ ડિસઆર્મામેન્ટ એન્ડ ડેવલપમેન્ટ (૨૦૧૧), ગ્લોબલ ફેરનેસ ઇનિશિયેટિવ એવોર્ડ (૨૦૧૦).



**પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ**
લેખક જાણીતા વરિષ્ઠ પત્રકાર, સાહિત્યકાર, કોલમિસ્ટ અને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી વિભૂષિત થયેલ છે

# ઈશ્વરભાઈ પટેલે સમાજના છેવાડાના માનવીના ઉત્કર્ષ માટે કામ કર્યું



એમનું નામ છે ઈશ્વરભાઈ પટેલ. ગાંધી વિચારોથી પ્રભાવિત, જે મુઠ્ઠીભર ગાંધીવાદીઓ રહ્યા તે પૈકીના તેઓ એક હતા. ગુજરાતની ગાંધી સેવા-સમર્પણની ઉજ્જવળ પરંપરામાં અસ્પૃશ્યતા નિવારણમાં જે મહાનુભાવોએ છેવાડાના માનવીના હામી બની એ વર્ગનો હાથ પકડવાની ભવ્ય પરંપરામાં ઈશ્વરભાઈ પટેલે પાંચ દાયકાથી વધુ એકધારી સેવા કરી. તેમણે સમાજના છેવાડાના વ્યક્તિના ઉત્કર્ષ માટે જે કામ કર્યું તે ગાંધીજીની અંત્યોદયની ભાવનાને વિકસિત કરી રહ્યું, **જ્યાં પણ ગંદકી દેખાય ત્યાં તેને શોધીને તેને મૂળમાંથી દૂર કરવા તેમણે અવનવા પ્રયોગો કર્યા અને શ્રેષ્ઠ સફાઈ વિદ્યાલય સમાજને આપ્યું.**

ઈશ્વરભાઈનું સમગ્ર જીવન જાહેર ગાંધીસેવક તરીકે, સફાઈ વિદ્યાલયના આચાર્ય તરીકે, સાબરમતી આશ્રમના ટ્રસ્ટી તરીકે, માનવ સાધનાના માર્ગદર્શક તરીકે અને પર્યાવરણીય સ્વચ્છતા સંસ્થાન - સુઘડના સંસ્થાપક અને નિયામક તરીકે જાણીતું છે. તેમને અનેક લોકોએ વિવિધ નામોથી સંબોધ્યા છે, તેમ છતાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે તેઓ 'મિ. ટોઈલેટ'ના ઉપનામથી અતિજાણીતા છે. પણ **આ બધા પરિચયો આપતા સુચિતાસેવક હોવું તેમને માટે ગૌરવ સમાન છે.**

ગુજરાતના અનેક કવિઓ, લેખકો, પત્રકારો, વૈજ્ઞાનિકો, શ્રેષ્ઠીઓ, સેવકો, રાજકારણીઓએ તેને 'જય જય ગુણવંતી ગુજરાત' બનાવવામાં પોતપોતાનો અનેરો ફાળો આપ્યો છે, પણ એ બધી પૂજા પ્રતિષ્ઠા શાબ્દિક જ મોટા ભાગે રહે છે. સમાજના છેવાડાના માનવીને અને તેમનાં સંતાનોને દુઃખ-દર્દમાંથી ઉગારનાર, કેળવનાર, તેમની

**[ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે 'મિ. ટોઇલેટ'ના ઉપનામથી જાણીતા ઈશ્વરભાઇ પટેલ ગાંધી યુગના આથમી રહેલા સિતારાઓ પૈકીના એક હતા, જે કામ પ્રત્યે કોઇનેય આકર્ષણ ન થાય તેવું હ્યુમન વેસ્ટની સાફસૂફીના મેનેજમેન્ટનું કામ તેમણે ઉપાડ્યું ]**

સાથે હાથથી હાથ અને હૃદય મિલાવનાર બહુ ઓછા સેવકો નીવડ્યા છે. ગાંધીના પુણ્ય પ્રતાપે, ઠક્કરબાપા, મામાસાહેબ ફડકે, પરિક્ષિતલાલ મજમુદાર, જીવણભાઈ બબલભાઈ મહેતા, કૃષ્ણદાસ શાહ જેવા થોડા ગણ્યા-ગાંઠ્યા સેવકો નીવડ્યા, જેમણે **ગુજરાતના પછાત વર્ગો સાથે પોતાની આત્મીયતા જોડીને, તેમની ઉન્નતિ અર્થે જીવન સમર્પિત કર્યું હોય.**

જ્યારે ઊંઝાના મણિભાઈ પટેલ જેઓ 'મમ્મી'થી જાણીતા છે તેઓ જણાવે છે કે જે વિષયમાં કામ કરવાની હરીફાઈ નથી એવા વિષયમાં પારંગત થઈ સફાઈના કાર્યને એક નવો અભિગમ આપી, આ કાર્ય નિમ્નકક્ષાનું નથી - એક શ્રેષ્ઠ સમાજનું શ્રેષ્ઠ કાર્ય છે એમ

# સમાજ સૃષ્ટિ

**સમજી 'સ્વચ્છતામાં અમૃત' એ કહેવત પ્રમાણે કરવામાં તેમણે જીવનભર પ્રયત્ન કર્યો છે.**

ગાંધીજીએ કહ્યું હતુંઃ 'અસ્પૃશ્યતાનો જન્મ કલુષિત માનવ હૃદયમાંથી જ થયો છે એટલે તેને પ્રેમની જલધારાથી ધોઈ શકાય અને સમજાવ્યું કે કહેવાતા સવર્ણ સમાજે તો પોતાના હૃદયની શુદ્ધિ પ્રાયશ્ચિત દ્વારા જ કરવાની છે. સત્તા સાથે કોઈ સંબંધ નથી. **મંદિરમાં બિરાજેલો ભગવાન તો બધાં જ પ્રાણીઓને સમાન ગણે છે, પણ તેને બંધનમાં રાખનાર આપણે આપણાં દ્વાર ખોલીએ તો આપોઆપ મંદિરનાં દ્વાર પણ ખૂલે.'**

ઈશ્વરભાઈ પટેલની પરંપરાને આગળ વધારનાર તેમના પુત્ર જયેશભાઈ પટેલ કહે છેઃ 'તેમણે ઉત્તરપ્રદેશના બલિયામાં પણ સફાઈ વિદ્યાલયના કાર્યકર્તાઓએ જવાબદારી સંભાળેલી. ગાંધી સ્મારક નિધિ, ઉત્તરપ્રદેશ, સર્વ સેવા સંઘ વારાણસી અને સફાઈ વિદ્યાલયના કાર્યકરો દ્વારા અપ્પાસાહેબ પટવર્ધનના માર્ગદર્શનમાં ટાઉનહૉલમાં ૨૦૦ જેટલા કાર્યકર્તાઓની સફાઈ શિબિર યોજવામાં આવી. વિનોબાના માર્ગદર્શનમાં સ્વચ્છ કાશી ઝુંબેશ શરૂ કરેલી. શિબિર સંચાલનમાં જોડાવાનું થયું. બનારસની ગલીઓ - ઘાટ સાફ કરવાની ઝુંબેશ શરૂ કરેલી. સ્થાનિક જનતા પણ આ કાર્યક્રમમાં સહયોગ આપતી. વ્યક્તિગત ઘરોમાં તેમજ જાહેર શૌચાલયોમાં ડબ્બા જાજરૂ હતાં. એટલે તેવાં જાજરૂ ન વાપરવા એમ પંડિત વિયોગી હરિજીએ સૂચન કરતાં તેમણે પણ તેવું જાજરૂ ન વાપરવાનો નિર્ધાર કર્યો. આ શિબિરમાં ૧૦૦ શિબિરાર્થીઓ હતા. **મહાનગરપાલિકાનો સહયોગ લઈ ટાઉનહૉલના ગાર્ડનમાં ટ્રેન્ચ લેટ્રિન તૈયાર કરેલાં તે કાર્યકર્તાઓ દ્વારા સફાઈ થતાં હતાં.'**

ગુજરાતમાં બાલાસિનોર ખાતે સપ્તાહ યજ્ઞ યોજવામાં આવેલો. બબલભાઈ મહેતા સફાઈ ઉપર વ્યાખ્યાન આપતા. છેલ્લા દિવસે જિલ્લાનાં સ્વૈચ્છિક સંગઠનો, આગેવાનો ત્રિભોવનદાસ પટેલ, ઉત્સવ પરીખ, ડૉ. દોશી, કિશનભાઈ ત્રિવેદી, નટવરભાઈ મોદી વગેરે નગરપાલિકાના સહયોગથી બાલાસિનોર સફાઈ ઝુંબેશરૂપે સાફ કરેલું.



**૧૯૬૯માં તેમણે સફાઈ વિદ્યાલયનું નેતૃત્વ કર્યું. ૧૯૮૫માં તેમણે એન્વાયર્મેન્ટલ સેનિટેશન ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી. સ્વાસ્થ્ય માટે ચિંતા કરનારાઓના તેઓ 'મિ. ટોઇલેટ' તરીકે ઓળખાવા લાગ્યા.**

બોચાસણના શિવાભાઈ પટેલ પણ તેમાં વ્યાખ્યાન આપતા. તેની પુસ્તિકા 'સફાઈ મેં ખુદાઈ હૈ'ના અહેવાલનું સંકલન ધારાસભ્ય તથા સ્વ. ચંપાબહેન મોદીએ કરેલું. એ યાદગાર દિવસ સૌને યાદ રહેતો. સફાઈ વિદ્યાલય દ્વારા રાજ્યમાં જુદા જુદા વિભાગોમાં તાલીમના ભાગરૂપે માંગરોળમાં ડબ્બા જાજરૂ પરિવર્તન સ્વચ્છ પાણીબંધ શૌચાલય, સ્વચ્છ શેરી સ્પર્ધાઓ - એક દિવસીય ૧૦ કાર્યક્રમો ચાલેલા. એ જ રીતે બાબરા ગામમાં ૧૦ દિવસમાં ૧૦૫ જેટલા કાર્યક્રમો ૧૫ દિવસ સુધી કરેલા. તેમાં તાલુકા-જિલ્લાના સહયોગથી સફાઈ શિબિર, જેમાં તાલુકા વિકાસ અધિકારી આસિત શાહ, જયાબહેન શાહ તથા દ્વારકાદાસ પટેલ, તાલુકાના પ્રમુખ મૂળશંકર ભટ્ટના સહયોગથી ૧૦૦ જેટલાં ડબ્બા જાજરૂનું પાણીબંધ શૌચાલય પરિવર્તન કરાવ્યું. તેમાં ફક્ત ૨૫ રૂપિયામાં ટબટ્રેપ સહાયરૂપે આપતા. ઈંટો, રેતી, પથ્થર વગેરેની સુવિધા તાલુકા પંચાયતે કરી આપેલી અને છેલ્લા દિવસે ટાઉનહૉલમાં ગુજરાત ગ્રામ વિકાસ સચિવ જે. એફ. મંકોડીના હસ્તે પૂર્ણાહુતિ રાખેલી. આ **કાર્યક્રમની અસરથી ગુજરાતમાં ડબ્બા જાજરૂ બંધ કરવાનો કાર્યક્રમ અલમાં આવ્યો અને તાલુકા-જિલ્લાના સહયોગથી સફાઈ શિબિર યોજાઈ.**

ઈશ્વરભાઈ પટેલ એટલે એકદમ પારદર્શક વ્યક્તિત્વ. નિખાલસ, પ્રેમાળ વ્યક્તિ. મન-વચન એક જ, પાછળથી કોઈ એજન્ડા નહીં. જે પણ ટકોર કરવાની હોય, કોઈ સાચી પણ કડવી વાત કહેવી હોય તો વ્યક્તિની સામે જ કહે, પાછળથી નહીં. પાછળથી કોઈ નેગેટિવ વાત નહીં. હંમેશાં હકારાત્મક અભિગમ. એ જ કદાચ એમની આજે આટલી બધી શારીરિક તકલીફમાં પણ સતત સુખી અને મસ્તી આપી શકે છે. **ઈશ્વરભાઈ પટેલને મહામહીમ રાષ્ટ્રપતિ દ્વારા 'પદ્મશ્રી' એવૉર્ડ પણ અપાયો. તા. ૨૬ ડિસેમ્બર, ૨૦૧૦ના રોજ તેમનું અવસાન થયું.**

ઈશ્વર પટેલ ગાંધી યુગના આથમી રહેલા સિતારાઓ પૈકીના એક હતા. જે કામ પ્રત્યે કોઈનેય આકર્ષણ ન થાય તેવું હ્યુમન વેસ્ટની સાફસૂફીના મેનેજમેન્ટનું કામ તેમણે ઉપાડ્યું. તેમણે ગાંધીવિચારોને પોતાના જીવનમાં ઉતાર્યા હતા. ગાંધીજી કહેતા હતા કે ઇન્ડિપેન્ડેન્સ કરતાં સેનિટેશન વધુ મહત્ત્વનું છે. તેમણે ટોઈલેટની ડિઝાઇન્સમાં પણ સુધારા કર્યા. ૧૯૬૯માં તેમણે સફાઈ વિદ્યાલયનું નેતૃત્વ કર્યું. ૧૯૮૫માં તેમણે એન્વાયર્મેન્ટલ સેનિટેશન ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી. સ્વાસ્થ્ય માટે ચિંતા કરનારાઓના તેઓ 'મિ. ટોઈલેટ' તરીકે ઓળખાવા લાગ્યા. આ પરિચયથી તેઓ ગૌરવ અનુભવતા. **તેમના આ મિશનને હવે તેમના પુત્ર જયેશભાઈ પટેલ પોતાનો જીવનમંત્ર બનાવીને આગળ વધારી રહ્યા છે.** ■

# સમાજ સૃષ્ટિ



**મહેન્દ્ર પટેલ**
લેખક-સંપાદક લિંકન ફાર્માસિસ્ટના માલિક છે.

# કદર

> **સમાજના ધનવાન અને દાનવીર શ્રેષ્ઠીઓ દાન આપે છે. આ દાનની રકમમાંથી સત્ય સાંઈ હાર્ટ હૉસ્પિટલના ડૉક્ટર્સ અને કર્મચારીઓ હાર્ટસર્જરીના કામને ફળીભૂત કરે છે, જેના પરિણામે હજારોની સંખ્યામાં દર્દીઓ સાજા થયા છે**

કવિ નિરંજન ભગત કહે છે: **'લાવો, તમારો હાથ આપણે હાથથી હાથ મેળવીએ...'**

પ્રસ્તુત કાવ્યપંક્તિ અને સમગ્ર કાવ્ય એકબીજામાં સાથે હાથ મેળવી એકબીજામાં રહેલી ઉષ્મા, મહેક અને સહકારની વાત ગર્ભિત રીતે છુપાયેલી છે.

હાથમાં રહેલી ઉષ્મા, મહેક... એક તાજગી પેદા કરે છે. પરસ્પરમાં હેત-પ્રેમ ઊભાં કરી સાથ-સહકારની ભાવના જન્માવે છે. **આ ભાવનાની અંદર Appreciation - એકબીજાં માટેની કદર રહેલી છે.**

સાચે જ, નિઃસ્વાર્થભાવથી દરેકના કાર્યને નવાજી, સમાજ પ્રત્યે આભાર, (થૅન્ક યૂ) **ધન્યવાદ, અભિનંદન જેવા શબ્દો સાથે ભાવસભરતા દાખવીએ તો અરસપરસનું વાતાવરણ કેવું રળિયામણું અને શોભાયમાન બની જાય.**

આવો, એક સેવાભાવી અદ્યતન હૉસ્પિટલની વાત કરીએ. અમદાવાદ અને રાજકોટ ખાતે આ હૉસ્પિટલ કાર્યરત છે. હૉસ્પિટલનું નામ છે - 'સત્ય સાંઈ હાર્ટ હૉસ્પિટલ'. અહીં આધુનિક સમયની માગ પ્રમાણે અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ છે. વિશાળ બિલ્ડિંગ, અનુભવી ડૉક્ટર્સ, તાલીમબદ્ધ નર્સીસ, વિવિધ કર્મચારીગણ અને લેટેસ્ટ સુવિધાસભર સાધન-સામગ્રીથી સુસજ્જ છે. હૃદયરોગના ઑપરેશન માટે જાણીતી છે. નાના બાળકથી લઈ વયોવૃદ્ધ સુધીની વ્યક્તિઓની સારવાર કરવામાં આવે છે. **સફળ ઑપરેશન દ્વારા હસતાં-બોલતાં દર્દીઓ આનંદના ઉદ્‌ગારો સાથે બહાર આવે છે.**

ગુજરાતમાં આવી અનેક હૉસ્પિટલ અસ્તિત્વ ધરાવે છે, પરંતુ સત્ય સાંઈ હાર્ટ હૉસ્પિટલની વિશેષતા અંગે મારે વાત કરવી જોઈએ. અહીં હાર્ટસર્જરી નિઃશુલ્ક કરવામાં આવે છે. અહીં ક્યાંય બિલ ચૂકવવા માટે કોઈ વિભાગ કે ડિપાર્ટમેન્ટ નથી. **નિઃશુલ્ક સારવાર મેળવી ગરીબ, સ્ત્રી કે પુરુષ, નાનું બાળક કે વૃદ્ધ હસતાં મોંએ આભારની લાગણી વ્યક્ત કરે છે.**

સમાજના ધનવાન અને દાનવીર શ્રેષ્ઠીઓ દાન આપે છે. આ દાનની રકમમાંથી સત્ય સાંઈ હાર્ટ હૉસ્પિટલના ડૉક્ટર્સ અને કર્મચારીઓ હાર્ટસર્જરીના કામને ફળીભૂત કરે છે, જેના પરિણામે હજારોની સંખ્યામાં દર્દીઓ સાજા થયા છે. **આપણી આસપાસ અનેક હૉસ્પિટલ્સ અને સ્કૂલ્સ છે. સમાજના અનેક શ્રેષ્ઠીઓના દાનથી સંસ્થાઓ ચાલે છે.**

આવી સંસ્થાઓમાં સેવાભાવી વ્યક્તિઓ કાર્યરત રહી સફળ સંચાલન કરે છે. આવી સેવાઓને અનુભવતા અને નીરખતા સહુ કોઈ આભારની લાગણી વ્યક્ત કરતા હોય છે. આ આભારની લાગણી સાથે અનેક વ્યક્તિઓ એવી હોય છે કે જેઓ પોતાની કમાણીમાંથી સદ્‌ભાવના સાથે નાની-મોટી રકમનું દાન કરે છે. અહીં વિચાર આવે છે કે **આપણી આવકમાંથી નિશ્ચિત કરેલ અમુક રકમ આવી સંસ્થાને દાનસ્વરૂપે આપીએ તો સમાજ માટે કેટલા ઉપયોગી કહેવાઈએ?**

સમાજ માટે ઉપયોગી થયાનો અહેસાસ, તૃપ્તિના ઓડકાર સરખો બની જાય છે. આપણે આપણી આવકમાં ટ્રસ્ટીશિપની ભાવના લાવીએ તો **આપણી બચતના ભાગને આવા જનઉપયોગી કાર્યમાં વાપરવા માટે આપણને પ્રેરણા મળશે.** ■



પ્રિ. અમીચંદ પટેલ
લેખક શિક્ષણશાસ્ત્રી, સમાજશાસ્ત્રી અને આધુનિક વિચારોના પ્રણેતા છે

# ઘર એ જ સ્વર્ગ



**બુંદ બુંદ બ્રહ્માંડ છે,**
**બુંદ બુંદ છે ભેદ,**
**બુંદ બુંદ ખુશ ખ્યાલ છે,**
**બુંદ બુંદ છે ખેદ.**

માનવી સામાજિક પ્રાણી છે. તે કુટુંબ તથા સમાજમાં રહીને પોતાની પ્રગતિ સાધે છે. કમનસીબે આજનો યુગ અર્થપ્રધાન બનતો જાય છે ને માનવી ભૌતિક સિદ્ધિની દોટમાં બેબાકળો બનતો જાય છે. વધુ ને વધુ મેળવવાના મોહમાં આધિ, વ્યાધિ અને ઉપાધિથી પીડાતો જાય છે. અંતે તે કુટુંબજીવનનો આનંદ ગુમાવી બેસે છે. ઘર કે જે તેનું સ્વર્ગ છે તેનું મૂલ્ય તે ખોઈ બેસે છે. નોર્મન પાર્સેવલ નામના અંગ્રેજ ચિંતકે કહ્યું છે, **'આ દુનિયામાં ઘણા લોકો કેટલીક વસ્તુઓ તેમને સુખી બનાવશે એમ માનીને પરિશ્રમપૂર્વક ચોતરફ દોડધામ કરતા હોય છે, જ્યારે સૌથી મૂલ્યવાન વસ્તુઓ તેમની સમક્ષ સતત હોય છે તેની તેઓ અવગણના કરતા હોય છે. એ અત્યંત મૂલ્યવાન વસ્તુઓમાંથી એક ઘર હોય છે.'**

પ્રત્યેક મનુષ્યે સંસારનું સુખ માણવું હોય તો પોતાનો ગૃહસ્થી ધર્મ બરાબર સમજવો

> **ઘર એ તો ઘર છે, કંઈ માત્ર મકાન નથી. ભાડાનું મકાન પણ કુટુંબના સભ્યોની સંવાદિતાથી પોતાનું ઘર બની જાય છે. મકાન સાથેનું મમત્વ કુટુંબજીવનનું રહસ્ય છે, જે તેમાં 'ઘર'રૂપી પ્રાણ પૂરે છે**

પડશે. તુલસી રામાયણના રચયિતા કવિશ્રી તુલસીદાસે ગૃહસ્થી ધર્મ દ્વારા ઘરને સ્વર્ગમાં પલટવાનો માર્ગ ચીંધતા જણાવ્યું છે: 'પ્રથમ માણસ બનો પછી તમે જોશો કે એ બધાં અને બીજું સર્વે કાંઈ તમારી પાછળ પાછળ આવશે. એ ધિક્કારપાત્ર દ્વેષ, એ કૂતરાં જેવો એકબીજા પ્રત્યેનો ઘુરઘુરાટ અને ભસવું મૂકી દઈને સારી ભાવના, સાચાં સાધનો, નૈતિક હિંમત વગેરે શીખો અને માણસ બનો. **જો માણસનો અવતાર પામ્યા છો તો પાછળ કંઈક સુવાસ મૂકતા જાવ.'**

આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ધર્મગુરુ શ્રીમદ્ રાજચંદ્રે મોક્ષમાળામાં પ્રત્યેક ઘર કઈ રીતે સ્વર્ગ બની શકે તેનું સુંદર નિરુપણ કર્યું છે: **'તારું, તારા કુટુંબનું, મિત્રનું, પુત્રનું, પત્નીનું, માતાપિતાનું, ગુરુનું, વિદ્વાનનું, સત્પુરુષનું યથાશક્તિ હિત, સન્માન, વિનય, લાભનું કર્તવ્ય થયું હોય તો આજના દિવસની તે સુગંધી છે.'**

ઘર એ તો ઘર છે, કંઈ માત્ર મકાન નથી. ભાડાનું મકાન પણ કુટુંબના સભ્યોની સંવાદિતાથી પોતાનું ઘર બની જાય છે. મકાન સાથેનું મમત્વ કુટુંબજીવનનું રહસ્ય છે, જે તેમાં 'ઘર'રૂપી પ્રાણ પૂરે છે. **એક જ ડાળનાં પંખીની જેમ કુટુંબના સૌ સભ્યો હળીમળીને રહે અને સુખ-દુ:ખનાં સાથી બની રહે તો ઘર એ જ તેમનું સ્વર્ગ બની રહે છે.**

ભલે પછી ગરીબીમાં જીવવાનું હોય, પણ જો સંતોષરૂપી ધન હોય તો બંગલાની વ્યથાઓથી ઝૂંપડીનું સુખ ચડી જશે.

અંગ્રેજ કવિ શેલીએ કહ્યું છે, **'આપણે આગળ જોઈએ છીએ, પાછળ જોઈએ છીએ અને જે નથી તે મેળવવાનો હંમેશાં પ્રયાસ કરીએ છીએ. તેથી જ અશાંતિ અનુભવીએ છીએ, પણ જે મળ્યું છે તેનાથી શાંતિ અનુભવતા નથી.'**

માણસની બેચેનીનું ખરું કારણ ખોટી દોટ છે. જેની પાસે છે તે મારું માની શકતો નથી અને જે નથી તેની પાછળ દોડ્યા જ કરે છે, દોડ્યા જ કરે છે. **વાસ્તવમાં તો જેઓ સુખની પાછળ દોડે છે તેઓ દુ:ખી થાય છે અને જેઓ સુખને પોતાની પાછળ દોડાવે છે તેઓ સુખી થાય છે.**

કવિશ્રી અકબરઅલી જસદણવાળાએ ઘર અને સંસારને સ્વર્ગમાં પલટવાની સરસ મજાની ચાવી બતાવી છે:

**હૃદય જો હોય સારું તો સકળ સંસાર સારો છે,**
**હૃદય જો હોય ખારું તો સકળ સંસાર ખારો છે.**

ઘરની જવાબદારીથી ભાગી જઈને સાધુવેશે ફરનારાઓની 'ધોબીનો કૂતરો ઘરનો યે નહીં ને ઘાટનો ય નહીં' જેવી દુર્દશા થાય છે. જે ઘરમાં છે તે સર્વત્ર છે. ઘર માત્ર ઘર જ નહીં, પણ સ્વીટ હોમ છે. **હોમનો એક અર્થ યજ્ઞ થાય છે. ઘર એટલે પરિવારના અબાલવૃદ્ધ સૌ સભ્યો જ્યાં હૈયેહૈયું મિલાવી ક્ષણે ક્ષણે પારસ્પરિક સુખ-દુ:ખના હમરાહી બની રહે તે યજ્ઞભૂમિ છે.** ■

# FLORA AKSHAR CITY

સાઈટ : એલ.ઈ. કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડની બાજુમાં
મોરબી, ગુજરાત - ૩૬૩૬૪૨

Contact : 99252 48651, 86000 04901







# FLORA PALMS

સાઈટ : એલ.ઈ. કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડની બાજુમાં
મોરબી, ગુજરાત - ૩૬૩૬૪૨

Contact : 99252 48651, 86000 04901

# FLORA 11

સાઈટ : ફ્લોરા ૧૧, રવાપર રોડ,
ફ્લોરા ૧૫૮ ની પાસે, મોરબી - ૩૬૩૬૪૧

Contact : 99252 48651, 98250 30271




સ્થાપક શ્રી કિશોરભાઈ વિરમગામાના સાહસ, પુરુષાર્થ અને એકમેવ લગનથી સાકાર થયેલ એક સ્વપ્ન જેણે ગુજરાતમાં ઉત્કૃષ્ટ પ્રોજેક્ટ્સ થકી રીયલ એસ્ટેટ ક્ષેત્રે પોતાની આગવી ઓળખ બનાવી છે.

સુંદરતમ પ્રોજેક્ટ્સ જે ગુણવત્તાની દ્રષ્ટિએ તો શ્રેષ્ઠતમ હોય પરંતુ કલાત્મકતાના પણ નવા માપદંડ સ્થાપિત કરે તે ફ્લોરા ગ્રુપની પહેચાન છે. ફ્લોરા ગ્રુપના પ્રોજેક્ટ્સ ત્યાં વસનારા લોકો માટે આજીવન આનંદ અને પરમ સંતોષનું કારણ બન્યું છે અને એટલે જ આટલા વર્ષોની અડીખમ ઓળખ, પ્રત્યેક પ્રોજેક્ટ સાથે વધુ મજબૂત બની છે.


શ્રી કિશોરભાઈ વિરમગામા

વિશ્વાસ અને
ગુણવત્તાના પાયા પર
**રચાયેલી અડીખમ
ઓળખ...**

# FLORA FARMS

Site : Flora Farms, B/H. Sanala Village,
Rajkot - Morbi Highway, Sanala, Morbi

Contact : 99252 48651, 98250 30271







# FLORA IRIS

એડ્રેસ : ફ્લોરા આઈરીસ, સાનિધ્ય બંગ્લોઝની સામે,
ફ્લોરા એકઝોરા રોડ,સાઉથ બોપલ, અમદાવાદ - ૩૮૦૦૫૮

Contact : 95795 22222 , 95125 12222

# ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – કડી

મુ. કડી, તા. કડી, જિ. મહેસાણા, ફોન નં. (૦૨૭૬૪) ૨૪૨૦૨૧, ૨૩૨૨૩૮

સ્થાપના સને ૧૯૫૫-૫૬

## સરદાર પટેલ કોટન સબ માર્કેટ યાર્ડ કડી – કલોલ રોડ, બુડાસણ





### બજાર સમિતિ કડી દ્વારા નીચે મુજબની સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

(૧) કડી તાલુકાના દર્દીઓને રાહત દરે એમ્બ્યુલન્સ સેવા આપવામાં આવે છે.

(૨) બજાર સમિતિ કડીમાં માલ લઈ આવતા ખેડૂતભાઈઓને સસ્તા દરે પૌષ્ટિક ભોજન આપવામાં આવે છે.

(૩) કડી તાલુકાની શાળામાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોને દર વર્ષે એક ડઝન ચોપડા રાહત દરે આપવામાં આવે છે. આજ દિન સુધી આ યોજનામાં **૩,૨૩,૦૦૦** ડઝન ચોપડા આપવામાં આવેલ છે. જેમાં **૨,૫૦,૦૦,૦૦૦**ની સબસિડી આપવામાં આવેલ છે.

(૪) કડી શહેર તેમજ બહારથી આવતા તમામ નાગરિકોને પીવાનું ઠંડું પાણી મળે રહે તે હેતુથી કડી શહેરમાં ઠંડા પાણીના કૂલર તેમજ ઠંડા પાણીના જગ મૂકવામાં આવે છે.

## બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

**રાજેન્દ્રકુમાર જી. પટેલ**
ચેરમેન

**પટેલ નીતિનભાઈ રતિલાલ**
(પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય)

**બળદેવભાઈ એ. પટેલ**
વાઈસ ચેરમેન

ખમાર હિમાંશુભાઈ બંસીભાઈ
પટેલ રશ્મિનભાઈ સેંધાભાઈ
પટેલ જીવણભાઈ બેચરદાસ
પટેલ રમેશભાઈ બચુભાઈ
જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, મહેસાણા

પટેલ વિનોદભાઈ રણછોડદાસ
પટેલ અરવિંદભાઈ વિઠ્ઠલદાસ
પટેલ ભોગીલાલ હરજીવનદાસ
પટેલ અંબાલાલ પીતાંબરદાસ
જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી મહેસાણા

પટેલ ભરતભાઈ ભુદરદાસ
મહેશ્વરી મનોજભાઈ પરસોત્તમદાસ
પટેલ ઘનશ્યામભાઈ અંબાલાલ
પટેલ વિષ્ણુભાઈ પ્રહલાદદાસ
(પ્રતિનિધિશ્રી નગરપાલિકા કડી)



**કમલેશકુમાર એલ. ત્રિવેદી**
ઇન્ચા. સેક્રેટરી



સંપાદક : ડૉ. ભગીરથ પટેલ
સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક પ્રાધ્યાપક છે.

नन्हे मुन्ने बच्चे तेरी मुठ्ठी में क्या है ?
मुठ्ठी मे है तकदीर हमारी
हमने किस्मत को बसमें किया है ।

# તરસ્યો કાગડો: ઇચ્છા હોય તો રસ્તો જડે



ઉનાળાનો દિવસ હતો. સખત ગરમી પડતી હતી. એક કાગડાને ઘણી તરસ લાગી હતી. પાણી વગર તેનું ગળું સુકાતું હતું. તેથી પાણીની શોધમાં તે આમતેમ ઊડવા લાગ્યો. **નદી, નાળાં, તળાવ - બધું જ સુકાઈ ગયું હતું. ક્યાંય પાણી નજરે પડતું નહોતું.**

અચાનક એ કાગડાની નજર એક ઘરના આંગણામાં પડેલા કૂજા પર પડી. કાગડો તરત જ તે કૂજા પર જઈને બેઠો. કૂજામાં જોયું તો પાણી હતું, પણ **પાણી સુધી તેની ચાંચ પહોંચી શકે તેમ નહોતી. હવે શું થાય? કાગડો મૂંઝવણમાં પડ્યો.**

આજુબાજુ નજર કરી. ત્યાં તેણે કાંકરા પડેલા જોયા. તેને યુક્તિ સૂઝી: 'આ કાંકરા કૂજામાં નાખું તો પાણી ઉપર આવે.' પછી તો કાગડો ચાંચ વડે એક પછી એક કાંકરો લાવીને કૂજામાં નાખતો ગયો. કાંકરા તળિયે જાય, પાણી ઉપર આવે. કાગડાની યુક્તિ ફળી. પાણી ધીમે ધીમે ઊંચે આવવા લાગ્યું. તેની ચાંચ પહોંચે એટલું પાણી ઊંચે આવ્યું એટલે તે ખૂબ જ આનંદમાં આવી ગયો. તેણે ધરાઈને પાણી પીધું અને તરસ છિપાવી. પછી 'કા... કા' કરતો ઊડી ગયો...

(સૌજન્ય: નવતીન એજ્યુકેશન લિ.)

# દ્રાક્ષ ખાટી છે: પરાજયને પણ ખેલદિલીથી સ્વીકારો




ઘણાં વરસો પહેલાંની વાત છે.

એક હતું શિયાળ. તેને લાગી ભૂખ. તે ફરતું ફરતું દ્રાક્ષની વાડીમાં પહોંચ્યું.

તેણે નજર ઊંચી કરી. વેલા પર દ્રાક્ષનાં ઝૂમખાં લટકતાં જોયા. **તેનું મન દ્રાક્ષ ખાવા લલચાયું.**

તેણે કૂદકા પર કૂદકા મારી દ્રાક્ષ ખાવાનો પ્રયત્ન કર્યો, પણ તે દ્રાક્ષનાં ઝૂમખાં સુધી પહોંચી શક્યું નહીં. આખરે થાકીને તે નિરાશ થઈ ગયું. આથી તેણે દ્રાક્ષ ખાધા વગર જ ત્યાંથી ચાલવા માંડ્યું. **ચાલતાં ચાલતાં તે બબડ્યું: "આ દ્રાક્ષ તો ખાટી છે. આવી ખાટી દ્રાક્ષ કોણ ખાય?"**

(સૌજન્ય: નવતીન એજ્યુકેશન લિ.)

# ગૌરવવંતા સિલ્વર દાતાશ્રી


શ્રી કૌશિકભાઈ જે. પટેલ
(પૂર્વ મહેસૂલ મંત્રીશ્રી, ગુ.રા.)


શ્રી પ્રવિણભાઈ એ. પટેલ
(સૌન્દર્ય ગ્રુપ)


શ્રી સુરેશભાઈ એમ. પટેલ
(અમદાવાદ)


શ્રી ઈશ્વરલાલ એસ. પટેલ
(ચોક્સી, અમદાવાદ)


શ્રી સંજયભાઈ એમ. પટેલ
(જય ખોડિયાર ટફન ગ્લાસ)


શ્રી મિતેષભાઈ બી. પટેલ
(પાર્મ ગ્લોરી ગ્રુપ)


શ્રી પરેશભાઈ જે. પટેલ
(પરિશ્રમ ગ્રુપ, અમદાવાદ)


શ્રી પ્રવિણભાઈ એન. પટેલ
(Nanson Foundary)


શ્રી વિક્રમભાઈ બી. પટેલ
(અમદાવાદ)


શ્રી તરૂણભાઈ ડી. પટેલ
(અમદાવાદ)


શ્રી રમેશભાઈ એમ. પટેલ
(રાણીપ, અમદાવાદ)


શ્રી આશિતકુમાર એસ.પટેલ
(અમદાવાદ)


સ્વ.ડો.રસિકભાઈ એચ.પટેલ
(અમદાવાદ)


શ્રી જયકૃષ્ણભાઈ એચ.પટેલ
(અમદાવાદ)


ઈન્દ્રવદનભાઈ એસ. પટેલ
(શ્રી હરિ ઈમીગ્રેશન)


શ્રી ડાહ્યાભાઈ એ. પટેલ
(ઉપપ્રમુખશ્રી-સ્કૂમ વસઈવાળા)


શ્રી ધર્મેન્દ્રભાઈ એસ. પટેલ
(અમદાવાદ)


કાનજીભાઈ એસ. પટેલ
(અમદાવાદ)


શ્રી દિલીપભાઈ એમ. પટેલ
(ખરણા - અમદાવાદ)


શ્રી કનુભાઈ બી. પટેલ
(ફ્લોટેક વાલ્વ)


શ્રી ચંદ્રકાન્તભાઈ ડી. પટેલ
(કલાપી)


શ્રી રમણિકભાઈ સી.પટેલ
(સોનસેરા - ડાયરેક્ટર)


શ્રી પ્રફુલભાઈ કે. પટેલ
(સ્પેન્ટા ફ્લોર ટાઈલ્સ)


શ્રી રાઘવજીભાઈ જે. ગડારા
(પ્રમુખ-મોરબી જીલ્લા પ્રમુખ)


ડો. ડાહ્યાભાઈ જે. પટેલ
(ગાંધીનગર)

*દાતા શ્રેષ્ઠીઓની યાદી ક્રમશઃ આગામી અંકમાં પ્રસિદ્ધ થશે.*

# પ્રવૃત્તિઓ

## વિશ્વઉમિયાધામ ખાતે NRI સ્નેહમિલન



ડીંગુચા તેમજ કોઠા ગામમા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન યુ.એસ.એ., કેનેડામાંથી સંસ્થાના NRI દાતાટ્રસ્ટીશ્રીઓ તેમજ અન્ય મિત્રો પધારેલ તે સર્વે મિત્રોનું અભિવાદન તેમજ પરસ્પરના વિચારોનું આદાન - પ્રદાન કરવાના શુભ આશયથી વિશ્વઉમિયાધામ - જાસપુર, અમદાવાદ ખાતે તા. ૦૩-૧૧-૨૦૨૨ ને રવિવારના રોજ NRI સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ.

NRI સ્નેહમિલન દરમિયાન પૂર્વ મહેસૂલ મંત્રીશ્રી તથા સંસ્થાના સિલ્વર દાતા ટ્રસ્ટીશ્રી કૌશિકભાઈ પટેલ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા સંસ્થાના પ્રમુખશ્રી આર.પી.પટેલને અર્પણ કરી ઉમદા ભાવના વ્યક્ત કરી.



## VUF વડોદરા ચેપ્ટરના કાર્યકર્તાઓના પરિવારોનું સ્નેહમિલન






વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વડોદરા ચેપ્ટર દ્વારા તા. ૩૦ નવેમ્બર, ૨૦૨૨, બુધવારના રોજ કાર્યકર્તાઓના પરિવારોમાં પરસ્પરના વિચારોનું આદાન-પ્રદાન તથા આત્મીયતા વધે તે હેતુસર વડોદરા ખાતે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરેલ.

# પ્રવૃત્તિઓ

## યુ.એસ.એ.-કેનેડા ઓનલાઈન ઝૂમ મીટિંગ



તા. ૧૧-૧૨-૨૦૨૨ના રોજ યુ.એસ.એ.-કેનેડાના કો-ઓર્ડિનેટરશ્રી, ચેપ્ટર ચેરમેનશ્રી તેમજ વિશ્વ ઉમિયાધામના હોદ્દેદારશ્રીઓની ઓનલાઈન ઝૂમ મીટિંગ સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલના અધ્યક્ષ સ્થાને મળી. જેમાં આગામી આયોજીત એન.આર.આઈ. સ્નેહમિલન તેમજ સંસ્થાની હાલમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી.

## મહિલા સંગઠન પદભાર પત્ર એનાયત - જોટાણા

તા. ૧૫-૧૨-૨૦૨૨ના રોજ જોટાણા મુકામે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ, જેમાં સંસ્થાના મહામંત્રીશ્રી રૂપેશ પટેલ, ઉપપ્રમુખશ્રી દીપક પટેલ, ચેરપર્સનશ્રી ડો. રૂપલબેન પટેલ ઉપસ્થિત રહી પદભાર પત્ર એનાયત કર્યા. સદર સ્નેહમિલનમાં સાયલા ગાદીપતિ પ.પૂ. શ્રી દુર્ગાદાસ બાપુએ ઉપસ્થિત સર્વેને આશીર્વચન આપી સંસ્થા દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓની સરાહના કરી.



## મહંત સ્વામીના વરદ્‌હસ્તે ઉમાસૃષ્ટિ મેગેઝીનનું વિમોચન





પ્રમુખ સ્વામી શતાબ્દિ મહોત્સવ નિમિત્તે સંસ્થાએ એક સ્પેશિયલ અંક પ્રકાશિત કરેલ, જેનું વિમોચન તા.૧૭-૧૨-૨૦૨૨ના રોજ પ.પૂ. મહંત સ્વામી મહારાજે સંસ્થાના પ્રમુખશ્રી આર.પી.પટેલ, ઉમાસૃષ્ટિના તંત્રીશ્રી ડો.પ્રભુદાસભાઈ પટેલ, ભામાશા દાતાશ્રી ત્રિકમભાઈ જે.પટેલ તથા હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં ઉમાસૃષ્ટિ મેગેઝીનનું વિમોચન કરવામાં આવેલ.

HIR-ASHA
SKY

# 3BHK

LUXURIOUS APARTMENT

94268 90010/79843 83366

HIR-ASHA SKY,
Sagar Sangeet Cross Road, Science City,
Sola, Ahmedabad

RAJ DEVELOPERS

Dashrathbhai A. Patel
(Ex Sarpanch, Sola)

Krishnakant R. Patel
(Sola)



RERA NO: PR/GJ/AHMEDABAD AHMEDABAD CITY/AUDA/MAA09622/311221 www.gujrera.gujarat.gov.in

# The Fastest Growing Brand in India

**FLEXIBOND®**

AN ATTACHMENT



Aluminium Composite Panel



PVC / WPC Foam Board



WPC Solid Doors & Frames



PVC Laminate

| | | |
|---|---|---|
| 7+ CERTIFICATES | 5000+ PROJECTS | 10+ COUNTRY EXPORT |
| 70,000 Sq. Mtr. PRODUCTION AREA | 20+ MAJOR STOCK POINTS | 30+ CORPORATE SUPPLY |


Umiya Flexifoam Pvt. Ltd. | Umiya Carbon Pvt. Ltd. | Flexibond Decoratives LLP

info@flexibond.com www.flexibond.com +91 92280 25446



સમાચાર સંપાદિકા : ડૉ. રૂપલ પટેલ,

## પરમ પૂજ્ય પ્રમુખસ્વામી શતાબ્દિ મહોત્સવ નગરીની મુલાકાતે



તા. ૧૮-૧૨-૨૦૨૨ ના રોજ પ્રમુખ સ્વામી શતાબ્દિ મહોત્સવના સંધ્યા કાર્યક્રમ મારું મંદિર - મારું ઘર તથા સમાજમાં મંદિરોનું શું મહત્ત્વ છે ? તે કાર્યક્રમમાં સ્ટેજના મહેમાનશ્રી તરીકે સંસ્થાના પ્રમુખશ્રી આર.પી.પટેલ તેમજ અન્ય હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. સદર કાર્યક્રમમાં પ્રમુખ સ્વામી મહારાજને શ્રધ્ધાંજલિ અર્પિત કરી સ્વામીજીના ચરણોમાં નત મસ્તકે વંદન કરીને પ્રમુખશ્રી આર. પી. પટેલે મંદિર દ્વારા માનવ ઉત્કર્ષ વિશે સુંદર વકતવ્ય આપેલ.



પ. પૂ. પ્રમુખ સ્વામી નગરી

## વિશ્વ ઉમિયાધામ ખાતે શ્રીમદ્ ભાગવત કથા



વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ ખાતે તારીખ ૧૭-૧૨-૨૦૨૨ થી ૨૩-૧૨-૨૦૨૨ સુધી પ.પૂ. શ્રી રાધા ગોવિંદ ગોસ્વામી મહારાજના કૃપાપાત્ર શિષ્ય શ્રીમાન લાલ ગોવિંદ દાસજીની દિવ્ય વાણી - આશીર્વાદથી શ્રી બળદેવભાઈ પટેલ તેમજ સમસ્ત પરિવાર, ગામ-પલિયડ, હાલ-યુ.એસ.એ. તરફથી પિતૃઓના આત્માના કલ્યાણર્થે તથા કૃષ્ણ પ્રેમ પ્રાપ્તિ માટે શ્રીમદ્ ભાગવત કથાનુ આયોજન કરવામાં આવેલ, જેમાં પ્રમુખશ્રી આર.પી.પટેલ તેમજ અન્ય દાતાશ્રીઓએ તેમજ ભાવિ-ભક્તોએ દિવ્ય વાણીનો લાભ લીધેલ.

## પ.પૂ.માધવ પ્રિયદાસજી મા ઉમિયાના દર્શનાર્થે



વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ ખાતે તારીખ ૨૧-૧૨-૨૦૨૨ ના રોજ SGVP ના પ.પૂ. માધવ પ્રિયદાસજી મહારાજ જગતજનની મા ઉમિયાના દર્શનાર્થે પધારેલ ત્યારબાદ ઓફિસની મુલાકાત લીધેલ. પ્રમુખશ્રી આર. પી. પટેલે સંસ્થાના વીઝન અને મીશનની વિગતવાર માહિતી આપી હતી. સંસ્થાના ઉદ્દેશથી પ્રભાવિત થઈ મંદિર નિર્માણનું કાર્ય સુપેરે અને નિર્વિઘ્ને પૂરું થાય તેવા આશીર્વાદ આપ્યા હતા.

## વિશ્વ ઉમિયાધામ ખાતે જગતજનની મા ઉમિયાના દર્શન - શિલાપૂજન



ઓરિસ્સાના ઉદ્યોગપતિ શ્રી બિશ્વનાથ પટનાયકે (BNP) વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ ખાતે જગતજનની મા ઉમિયાના દર્શને પધારી શિલાપૂજન કરી આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી. સંસ્થાની વિચારધારાથી પ્રભાવિત થઈને સંસ્થાના પ્રમુખશ્રીને અભિનંદન પાઠવી સદર ભગીરથ કાર્યમાં સહયોગી થવાની ઉદાર ભાવના વ્યક્ત કરી.




શ્રી ઋષિકેશભાઈ જી. પટેલ - કેબીનેટ મંત્રીશ્રી, આરોગ્ય પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ ખાતે જગતજનની મા ઉમિયાના દર્શન - શિલાપૂજન અને પ્રાર્થના કરીને મા ઉમિયાના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી. આ દરમિયાન સંસ્થાના પ્રમુખશ્રી તેમજ હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.





# મેરેજ-બ્યૂરો સેવા

Vishv UMIYA Foundation

વર્તમાન સમયમાં પોતાના સંતાનો માટે યોગ્ય જીવનસાથી શોધવો તે વાસ્તવમાં માતા-પિતા માટે ગહન ચિંતાનો વિષય છે. લગ્ન ફક્ત બે વ્યક્તિઓનું મિલન નહીં પરંતુ બે પરિવારોના સંબંધોનું જોડાણ છે, ત્યારે જ અતિ મહત્ત્વના નિર્ણયમાં દિકરા - દિકરીઓના પરિવારોને મદદરૂપ થવા માટે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા ઓનલાઈન મેટ્રોમોનીયલ સેવા પૂરી પાડવાના સંકલ્પ સાથે અભિયાન હાથ ધરેલ છે, જેમાં કોઈ પણ સમાજની દિકરીઓ રજિસ્ટ્રેશન કરી શકશે. આ માટે આપે...

**મેટ્રીમોનીયલ ઓનલાઈન રજિસ્ટ્રેશન માટે : https://vivah.vishvumiyafoundation.org**

**OR**

**સંસ્થાની વેબસાઈટ : vishvumiyafoundation.org ઉપર જઈને Matrimonial Portal NEW પર ક્લીક કરી મેટ્રીમોનીયલ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકાશે.**

- Matrimonial Portal NEW ઉપર ક્લીક કર્યા બાદ મેટ્રીમોનીયલ પેજ ઓપન થશે. જેમાં રજિસ્ટર બટન ઉપર ક્લીક કરવું. [Log In] [Register]
- રજિસ્ટર બટન ઉપર ક્લીક કર્યા બાદ Create Your Account નું પેજ ઓપન થશે. [Create Your Account] જેમાં આપની સંપૂર્ણ વિગત ભરી રજિસ્ટર બટન ઉપર ક્લીક કરવું. → [Register]
- રજિસ્ટર બટન ઉપર ક્લીક કર્યા બાદ Thanks for Registration ! નો મેસેજ સ્ક્રીન ઉપર આવશે તેમજ આપના Mob. No./Email ID ઉપર Log in User I.D. તેમજ પાસવર્ડનો મેસેજ આવશે. [Thanks For Registration ! You Have To Wait For Admin Approval Confirmation Will Be Sent To Your Email. Login from here]
- Thanks for Registration સ્ક્રીન નીચે Login from here ઉપર ક્લીક કરવી. જેથી Login in to Your Account નું પેજ ખૂલશે. જેમા user I.D. પાસર્વડ નાખી Login બટન ઉપર ક્લીક કરવું. → [Log in] [Thanks For Registration ! You Have To Wait For Admin Approval Confirmation Will Be Sent To Your Email. Login from here] [Log In To Your Account]
- Login બટન ઉપર ક્લીક કર્યા બાદ Profile Information નું પેજ ખૂલશે. જેમાં આપનો સંપૂર્ણ બાયોડેટા, ફોટો તથા માંગેલ Documents upload કરી I Agree બટન ઉપર ટીક કરી સબમીટ ટુ એડમીન ઉપર ક્લીક કરવું ફરજિયાત છે. ☑ I Agree With Terms And Conditions → [Submit to Admin]
- આપનો બાયોડેટા એડમીન સાઈડથી વેરિફિકેશન કર્યા બાદ આપને Approved નો મેસેજ આવશે. ત્યારબાદ આપ ઓનલાઈન પેમેન્ટ કરી શકશો.
- પેમેન્ટ થયા બાદ આપની Profile એક્ટીવ થશે. જેમાં આપ આપનું Login કરીને બીજા Candidate ની Profile જોઈ શકશો.


**: મેટ્રીમોનિયલ સર્વિસીસ કાર્યાલય :**

**@ સાયન્સ સીટી, અમદાવાદ**
૮૦૭, "ફોર્ચ્યુન બિઝનેસ હબ" શેલ પેટ્રોલ પંપની બાજુમાં,
સોલા, સાયન્સ સિટી, અમદાવાદ-૩૮૦૦૬૦
મો. +૯૧ ૬૩૫૯૯૮૭૮૨૭
email : vivah@vishvumiyafoundation.org

**@ અલથાણ, સુરત**
૧૧૮, પહેલો માળ, મેગ્નસ શોપિંગ મોલ,
મલ્હાર સુપર સ્ટોરની ઉપર, એટલાન્ટા મોલની બાજુમાં,
અલથાણ, સુરત.
(મો.) ૯૩૭૬૭ ૫૫૫૮૮, ૯૭૧૨૨ ૦૩૧૩૦, ૯૩૭૪૭ ૧૩૩૫૭

**: મુખ્ય કાર્યાલય :**
વિશ્વ ઉમિયાધામ - જાસપુર, વૈષ્ણોદેવી મંદિરની સામે એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૨૭૨૧ મો. ૭૨૦૨૦૮૦ ૨૨૨/333
www.vishvumiyafoundation.org

## પરિવારને આપો રૂા. ૧૦ લાખની આર્થિક સુરક્ષા

**ઉમાછત્રમાં સહભાગી થવા બે પૈકી એક વિકલ્પ પસંદ કરવો**
**કોઈપણ વિકલ્પમાં મળવાપાત્ર લાભની વય મર્યાદા ૫૫ વર્ષ સુધી**

**યોજનાનો ઉદ્દેશ :** 'મા આવ્યા આંગણે, બાંધવા સુરક્ષાને તાંતણે' જગતજનની મા ઉમાનું આશીર્વાદરૂપ ઉમાછત્ર એ આસ્થા અને એકતાનું કવચ છે. સમાજમાં મા ઉમિયાની અધ્યાત્મિક ચેતનાને પ્રજ્વલિત કરી, વૈશ્વિક સંગઠનના માધ્યમથી ઉમાછત્ર પ્રવૃત્તિ અંતર્ગત સમાજના પરિવારને આર્થિક સુરક્ષા પૂરી પાડવાનો તથા કુટુંબમાં અકાળે અવસાન પામતા સ્વજનનો ખાલીપો ભરી સંતાનોને પગભર બનાવવાનો સંસ્થાનો ઉદ્દેશ છે.

૧૮ થી ૫૫ વયની કોઈ પણ વ્યક્તિનું નિધન થાય તો પરિવારમાં આર્થિક સ્થિતિ કપરી બને છે. વ્યક્તિની ખોટ પૂરી શકાતી નથી પરંતુ રૂા. ૧૦ લાખની ઉમાછત્ર સહાયથી તે કુટુંબને દુઃખમાં સહભાગી થવાનો સંસ્થાનો અભિગમ છે. જેમાં પરસ્પર બંધુત્વની ભાવનાથી સામાન્ય, મધ્યમ, ધનિક પરિવારો અને કોઈપણ ત્રાહિત વ્યક્તિ, સંસ્થા, કંપની કે પેઢી સૌજન્ય દાતા તરીકે જોડાઈ શકે તે પ્રકારની વ્યવસ્થા છે.

### : વિકલ્પ ૧ - અવિચલ :

**૧૮ થી ૫૨ વયે એક સાથે એક જ વખત રૂા.૩૧,૦૦૦ યોગદાન, ૫૫ વય સુધી**

**અથવા**

### : વિકલ્પ ૨ - અવિરત :

**૧૮ થી ૫૨ વયે પ્રારંભિક રૂા.૪૦૦૦ અને વાર્ષિક રૂા.૨,૨૦૦ આસપાસ યોગદાન, ૫૫ વય સુધી**

## શ્રદ્ધાંજલિ



**સ્વ. ભાવિકભાઈ રમણભાઈ પટેલ**
**(નારદીપુર - અમેરિકા)**
**સ્વર્ગવાસ નવેમ્બર-૨૦૨૨**

જેમના વહેવારથી સંબંધ મહેંકી ઊઠે, એવા આત્મીય સ્વજન સ્વ. ભાવિકભાઈ રમણભાઈ પટેલના આકસ્મિક અવસાનથી **વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ઊંડા દુઃખ અને શોકની લાગણી અનુભવે છે.**

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્લેટિનમ દાતા અને અમેરિકામાં સાઉથ અલાબામા યૂથ કમિટીના ચેરમેનની લૌકિકયાત્રા બહુ જ ઝડપથી પૂરી થતાં મધ્યાહ્ને સૂર્યાસ્ત થયો છે. ઈશ્વરે નિર્દય બની પાંચે આંગળીઓમાં અંગૂઠા ઉપર ઘા મૂક્યો છે. **તેમના જવાના ખાલીપાથી સૌની આંખો અશ્રુથી છલકી ઊઠી છે.**

'ઈશ્વરેચ્છા બલિયસિ'... ઈશ્વરની ઇચ્છા જ બળવાન છે. હે દયાનિધિ! તારું મંગલ મંદિર ખોલી દે અને સદ્ગતને **તારાં ચરણોમાં સ્થાન આપી તેમના પુણ્યાત્માને ચિર શાંતિ અર્પો એ જ અભ્યર્થના.**

**ન જન્મ પામે, ન કદાપિ મૃત્યુ, ન્હોતો ન તે કે ન હશે ન પાછો!**
**અજન્મ, તે નિત્ય, સદા, પુરાણ, હણ્યે શરીરે ન હણાય તે તો.**

- ભગવદ્ ગીતા

**વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અને તેની સમગ્ર ટીમ સદ્ગતના પુણ્યાત્માને ચિરશાંતિ મળે તેવી મા ઉમિયાને પ્રાર્થના કરે છે.**


## પ્રતિભાવ

### 'ઉમાસૃષ્ટિ' સામયિક એટલે ગાગરમાં સાગર

**ડૉ. કુમારપાળ દેસાઈ**
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને સરકાર દ્વારા
'પદ્મ' એવોર્ડથી વિભૂષિત છે

# દિવ્યની ઓળખ, ભવ્યની ઝાંખી






'પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવ'ના પ્રસંગે પ્રકાશિત થયેલો **'ઉમાસૃષ્ટિ'**નો ડિસેમ્બર મહિનાનો અંક એ એક વિશિષ્ટ અંક બન્યો છે. પૂજ્યશ્રી પ્રમુખસ્વામી મહારાજનું જીવન એટલે વિરાટ આકાશનું દર્શન. એ આકાશને તમે કદી માપી ન શકો એ રીતે **પૂજ્યશ્રી પ્રમુખસ્વામી મહારાજના જીવનકાર્ય અને જીવનસુવાસને કોઈ ઉદ્યાનમાં તમે સમેટી શકો નહીં.**

**'ઉમાસૃષ્ટિ'**ના આ અંકમાં એના તંત્રી **ડૉ. પ્રભુદાસભાઈ પટેલે** પૂજ્યશ્રી પ્રમુખસ્વામી મહારાજે સર્જેલા મંદિરનિર્માણની સાથોસાથ મંદિરમાં પ્રભુભક્તિને યોગ્ય માનવીઓના કરેલા નિર્માણની કથા મળે છે. એમની સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓના આકલનની સાથોસાથ **પૂજ્યશ્રી મહંતસ્વામી સહિત પૂજ્ય ઈશ્વરચરણદાસ અને પૂજ્ય અક્ષરવત્સલસ્વામીની મુલાકાતથી શતાબ્દીની ઘટનાનો મર્મ ઉપસાવી આપ્યો છે.**

પૂજ્ય શ્રી પ્રમુખસ્વામીની જીવન ઝાંખી, એમનાં જીવનકાર્યો, એમનું પ્રદાન તથા સેવા, સંઘશક્તિ અને બાળપ્રવૃત્તિનું આયોજન – એ બધી બાબતો આર્ટ પેપર પર કલાત્મક મુદ્રણ ધરાવતા આ અંકમાં જોવા મળે છે. એ દૃષ્ટિએ આમાં એક બાજુ સંતની શાશ્વત ચેતનાનો સ્પર્શ થાય છે, તો બીજી બાજુ **મહોત્સવની ઉજવણીનો આલેખ આપીને દિવ્યને ભવ્ય બનાવવાના કાર્યને યોગ્ય રીતે દર્શાવી શકાયું છે અને એટલે જ આ સામયિક એટલે ગાગરમાં સાગર.** ■








Security with CCTV
Jogging Track
Landscape Garden
Club House Indoor games
Multi Purpose Hall
Open Theatre
Gymnasium
Gazebo
Children Play Area
Senior Citizen Sitting
Drop Off Zone
DG Set

# THE SPIRE

## 3 BHK HAPPY LIVING & SHOPS

SCAN FOR LOCATION

**Nr. Bharat Petrol Pump, Opp. Babylon Club**
**S.P. Ring Road, Ahmedabad 380060**

**CONTACT NO.**
**+91 75 75 00 92 77**

SCAN FOR BROCHURE

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/Ahmedabad Municipal Corporation/MN235AA10135/211022 | www.gujrera.gujarat.gov.in

Vishv UMIYA Foundation

shreehari™
Always Fly High



# NOW STUDY IN TOP INTERNATIONAL UNIVERSITIES ABROAD

CAN | US | AUS | NZ | UK

Call Now +91 9574008581

## IELTS | STUDENT VISA

**Ahmedabad (HO)**

403, Shivalik Yash, Opp. Shastrinagar BRTS Bus Stand, 132" Ring Road, Naranpura, Ahmedabad 380013, Gujarat
+917927414445/46 | +91 99258 44422 | For any feedback write us on : feedback@shreehari.in | shreehari.in

**New Ranip**
209, 2nd Floor, Magnet Square, Nr. Sardar Chowk, New Ranip
9574008581

**Nikol**
415, Town Plaza, Nr. Raspan Arcade, Bhaktinagar Circle Road, Nikol, Ahmedabad 382350. Gujarat, INDIA
+91 9512120068

**Kalol**
Shukan Avenue, Opp. Sindbad Hotel, Kalol Mehsana Highway, Kalol 382721. Gujarat, INDIA
+91 9574008595

**Mehsana**
E 401-417, Joyos Hubtown, Modhera Cross Road Mehsana 384002. Gujarat, INDIA
+91 9574008598

**Bhavnagar**
304/5, Surbhi Mall, Above Dominoz's Pizza, Wghawadi Road, Bhavnagar 364002. Gujarat, INDIA
+912782471424

# ખુશીઓથી રમશે આંગણું જયારે ઘરે બંધાશે પારણું



## કયા દંપતીઓ લાભ લઈ શકે છે?

**મહિલા**

બંધ ટ્યૂબ્સ, વારંવાર IUI માં નિષ્ફળતા, ઈંડામાં ખરાબી
અનિયમિત માસિક અને ગર્ભાશયમાં ગાંઠ હોવી

**પુરુષ**

ઓછા શુક્રાણુ, શુન્ય શુક્રાણુ, શુક્રાણુઓની
ધીમી ગતિશીલતા અને ખરાબ ગુણવત્તા

## તમામ સુવિધા એકજ સ્થળે

અત્યાધુનિક IVF લેબ, સચોટ નિદાન, સફળ પરિણામ, IVFના પ્રથમ પ્રયત્ને ઉત્તમ સફળતા, પોતાનું ઈંડુ અને પોતાના જ શુક્રાણુથી IVF સારવારમાં અગ્રેસર, નિષ્ણાંત અને અનુભવી એમ્બ્રિઓલજિસ્ટની ટીમ, જેવા અત્યાધુનિક જિનેટિક ટેસ્ટ.

## ઉપલબ્ધ સેવાઓ

IUI | IVF | ICSI
બ્લાસ્ટોસિસ્ટ કલ્ચર | PGD/PGS એન્ડ્રોલૉજી
સર્જિકલ સ્પર્મ એસ્પિરેશન | ક્રાયો પ્રિઝર્વેશન
એગ - સ્પર્મ - એમ્બર્યો | TESA | PESA
માઈક્રો TESE 4D સોનોગ્રાફી | એન્ડોસ્કોપી
NABL પ્રમાણિત લેબોરેટરી

**15000+** પરિવારને મળી આઈ.વી.એફ. થી ખુશીઓ

**૭૦ દેશોના લોકોને સારવાર આપનારા**

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા
નેશનલ સર્વે ઓફ ફર્ટિલિટી ક્લિનિક
2019માં દ્વિતિય ક્રમાંક (પશ્ચિમ ઝોન)



**ડૉ. આર. જી. પટેલ**
(ઈન્ફર્ટિલિટી અને IVF સ્પેશ્યાલીસ્ટ)

Sunflower Women's Hospital
Ahmedabad

132ફીટ રિંગ રોડ, હેલ્મેટ ચાર રસ્તા, ડ્રાઈવ-ઈન રોડ, માનવ મંદિર પાસે, મેમનગર, અમદાવાદ-380 052. ગુજરાત (ભારત)
ફોન: +91 96786 07355, +91 96876 89846 | ફેક્સ: +91 79 2741 0020
E-mail: drrgpatel@sunflowerhospital.in | www.sunflowerhospital.in

Communication Crafts


# COMPLETED PROJECTS




RETAIL & WORK SPACES

AT SOUTH BOPAL

PR/GJ/AHMEDABAD/DASKROI/AUDA/CAA00341/051017
GUJRERA.GUJARAT.GOV.IN




RETAIL & OFFICE SPACES

AT SG HIGHWAY

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA04785/A1C/160221
GUJRERA.GUJARAT.GOV.IN

# NEW PROJECTS




RETAIL & OFFICE SPACES

AT AMBLI "T" JUNCTION

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN




3 BHK SERENE HOMES

AT SINDHU BHAVAN EXTENSION ROAD

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN



3 BHK

KIDS FRIENDLY HOMES

COMING SOON

OPPOSITE APOLLO INTERNATIONAL SCHOOL,
SOUTH BOPAL



## સંજયભાઈ પટેલ
## (વિસલપુર)

**+91 98254 42197**